

₹ ૨૦/-

કર્મ, પૂજા-આરાધના તરીકે

# પ્રભુ અર્પણ

જુલાઈ - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✻

સમતા કેળવ્યા વગર સાધનામાં દૃઢ સ્થિરતા સ્થાપી શકાય નહિ. સંજોગો ગમે તેટલા અરુચિકર હોય, બીજાઓનું વર્તન આપણને ગમે એવું ન હોય; આ બધી વસ્તુઓને તમારે સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક તથા ક્ષુબ્ધ કરી દેતી પ્રતિક્રિયાઓ વગર સ્વીકારતાં શીખવાનું છે. આ વસ્તુઓ સમતાની કસોટીરૂપ છે. જ્યારે વસ્તુઓ ધાર્યા પ્રમાણે થતી હોય, લોકો અને સંજોગો રુચિકર હોય ત્યાં સુધી સ્વસ્થ રહેવું અને સમતા જાળવી રાખવી એ સહેલું છે. પરંતુ આ બધી વસ્તુઓ જ્યારે પ્રતિકૂળ હોય (વિરુદ્ધની હોય) ત્યારે જ, સ્વસ્થતા, શાન્તિ, સમતા કેટલી સંપૂર્ણ છે, એની કસોટી થતી હોય છે, અને એ રીતે એ બધી અવસ્થાઓનું પુનઃ સ્થાપન પણ થતું હોય છે, એમાં પૂર્ણતા પણ આવતી હોય છે.

શ્રી અરવિન્દ

## કર્મ કરવાનો હેતુ

કર્મ કરવામાં તમારો એકમાત્ર હેતુ દિવ્ય શક્તિની કર્મ દ્વારા સેવા કરવી, તે શક્તિને તમારા અંતરમાં ધારણ કરવી, જીવનમાં એને સાર્થક કરવી તથા એ શક્તિનો આવિર્ભાવ કરનાર કરણરૂપ બની રહેવું એટલો જ હોવો જોઈએ.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જુલાઈ – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૭

# અનુક્રમ

## કર્મ, પૂજા–આરાધના તરીકે


| | |
|---|---|
| સાચી સેવા | ૦૬ |
| કર્મ દ્વારા સાધના | ૦૭ |
| કર્મો પાછળનો સંકલ્પ | ૧૪ |
| કર્મોનો હેતુ | ૧૮ |
| ઈશ્વરના કાર્યમાં અવરોધો | ૨૭ |
| કર્મનો આનંદ | ૩૨ |

* * *

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૩ |


**તંત્રી નોંધ :–** શ્રી અરવિન્દના યોગમાં કર્મો બહુ જ મહત્ત્વનું અંગ છે. અહીં માનવજાતિની સેવા, કે કોઈ મનોમય આદર્શ પર ભાર મૂકવામાં નથી આવતો, ભાર મૂકવામાં આવે છે ઈશ્વરની સેવા કરવા ઉપર. માનવજાતિની સેવા આપણને વિશાળતા અર્પી શકે, પરંતુ મોટેભાગે એ સેવા રાજસિક અહંકાર, જે બીજાનું ભલું કરવામાં ગર્વ અનુભવતો હોય છે તેના દ્વારા નાખવામાં આવતા પડદા સમાન બની રહેતી હોય છે. બહુ બહુ તો એ સેવાકર્મ સાત્ત્વિક ભ્રમ પેદા કરે છે, જે આપણને આપણી એકદમ સામાન્ય માનવઅવસ્થા સાથે બાંધી રાખતું હોય છે. યોગમાં તો આપણી માનવાસ્થાને અતિક્રમી જવાની હોય છે અને એ થાય છે ઈશ્વરનું કરણ, એમનું વાહન બની જઈને. એમ થતાં ઈશ્વર એમની સમૃદ્ધિઓને પૃથ્વી પર વહાવે છે. આ કાર્ય, કર્મને પૂજા-આરાધનામાં ફેરવી નાખીને શ્રેષ્ઠ રીતે થઈ શકે. કર્મને આપણા સમગ્ર સ્વરૂપની પ્રાર્થના બનાવી દઈને આપણે એમ કરી શકીએ. ઈશ્વરની સેવા કરવાથી આપણી માનવચેતના સક્રિય દિવ્ય ચેતના સાથે તેમ જ દિવ્ય ચેતનાની રૂપાંતરકારી શક્તિ સાથે સંપર્કમાં આવતી હોય છે. પ્રસ્તુત અંક પૂર્ણયોગના આ પાસાંને સમર્પિત કરવામાં આવ્યો છે.



હે મારા દિવ્ય ગુરુ, શાશ્વત શિક્ષક, અનન્ય વાસ્તવિકતા, તારી સેવા માટે, જગતમાં તારા આવિર્ભાવ માટે તેં આ જે પુદ્‌ગલ રચ્યો છે તેમાં રહેલા સર્વ અંધકારને વિખેરી નાખ. એની અંદર એ પરમ ચેતનાને સિદ્ધ કરી આપ કે જે સર્વત્ર એના જેવી જ ચેતનાનું સર્જન કરે.

ઓ, સતત બદલાયા કરતા આભાસો હવે જોઈતા નથી, સર્વ કોઈની અંદર અને સર્વત્ર સર્વ કેવળ તારી જ અધિકારી એકતાનું ચિંતન કરતાં રહીએ.

હે પ્રભુ, મારું સારુંયે સ્વરૂપ એક અદમ્ય આરજૂથી તારા પ્રતિ પુકાર કરે છે; શું તું એ મંજૂર નહિ કરે કે મારી સમગ્ર ચેતનામાં હું તારા સ્વરૂપે જ બની રહું, કેમ કે હકીકતમાં તો હું તે તું છું અને તું તે હું છે.

શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૯૧-૯૨ શ્રી માતાજી

# કર્મ, પૂજા–આરાધના તરીકે

**સાચી સેવા**

આજે સવારે શરૂ થતા આ માસ ઉપર હું નજર નાખતી હતી ત્યાં મને પ્રશ્ન થયો કે તારી સેવા કરવા માટેનું સર્વોત્તમ સાધન કયું છે અને મેં નીરવતામાં પ્રગટતા એક મર્મર જેવો, પેલો નાનકડો આંતર અવાજ સાંભળ્યો, અને તેણે મને કહ્યું : 'જો, બાહ્ય સંજોગોનું મહત્ત્વ કેટલું બધું ઓછું છે? સત્ય વિશેની તારી જે કલ્પના છે તેને સાકાર કરવાના તારા પ્રયત્નમાં તું શા માટે મથી રહી છે અને તેમાં આગ્રહી બની રહી છે? વધુ મુલાયમ બન, વધુ વિશ્વાસમય બન. કશાથી પણ તારી જાતને ગભરાવા ન દેવી એ જ એકમાત્ર તારે કરવાનું છે. સારું કરવા માટે પોતાની જાતને રિબાવ્યા કરવાથી એમાંથી આવતાં પરિણામ તે અશુભ ઇચ્છામાંથી આવતાં પરિણામો જેટલાં જ ખરાબ હોય છે. ઊંડાં પાણીમાં જે સ્વસ્થતા રહેલી છે તેમાં જ સાચી સેવાની એકમાત્ર શક્યતા રહેલી છે.'

અને આ ઉત્તર એવો તેજોમય અને એવો તો નિર્મલ હતો, એનામાં એવી તો અસરકારક વાસ્તવિકતા રહેલી હતી કે આ લખેલી અવસ્થા કશી મુશ્કેલી વિના મારામાં આવી ગઈ. મને લાગ્યું કે હું જાણે એ ઊંડાં પાણીમાં તરી રહી છું. મને સમજણ પડી, મને સ્પષ્ટ રીતે દેખાયું કે સારામાં સારું વલણ શું હોય. અને મારે તો તારી પાસે માત્ર આટલું જ માગવાનું રહે છે કે, હે પરમોત્તમ પ્રભુ, હે પરમ શિક્ષાદાતા, આ અવસ્થામાં હું સતત ટકી રહું તે માટે જરૂરી હોય તેટલી શક્તિ અને આંતરદૃષ્ટિ આપ.

'તું નિશ્ચિંત રહે, બેટા, ચૂપ રહે, શાંતિ, શાંતિ.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૧૮-૧૯)

*

**ગીતામાં જણાવ્યા** મુજબ કર્મયોગના હાર્દને જો **તમે પામી** જાવ તો એ છે તમારી જાતને, તમારાં દુઃખોને ભૂલી જાવ, વિશાળતર ચેતના માટે અભીપ્સા સેવો, વિશ્વમાં કાર્ય કરતી મહત્તર શક્તિનો અનુભવ કરો અને જે કાર્ય કરવાનું છે તેને માટે તમારી જાતને કરણ બનાવો, એ કાર્ય ગમે તેટલું નાનું કેમ ન હો. પણ તમે જે કોઈ માર્ગ અપનાવો, તમારે એનો સંપૂર્ણપણે સ્વીકાર કરવો જોઈએ. તમારા સમગ્ર સંકલ્પને એ કાર્યમાં પ્રયોજી દેવો જોઈએ — વિભાજિત અને ડગમગી જતા સંકલ્પ સહિત તમે કોઈ પણ કાર્યમાં ન તો જીવનમાં કે યોગમાં સફળતાની આશા રાખી શકો નહિ.

*

**ગીતાના ભાવને આચરણમાં મૂકવાના ક્ષેત્ર તરીકે કોઈ પણ કર્મ કરી શકાય.**

(CWSA 29 : 238)

*

# કર્મ દ્વારા સાધના

**પ્રથમ નિયમ : નિષ્કામ કર્મ**

કાર્યક્ષેત્રમાં કામના અનેક રૂપો ધારણ કરે છે. અને એ સર્વમાં સહુથી વધુ શક્તિશાળી રૂપ છેઃ આપણા કર્મોના ફળ માટે પ્રાણમય સ્વરૂપની તૃષ્ણા કે ઝંખના. આપણે જે ફળની ઝંખના કરતાં હોઈએ છીએ તે આંતરિક આનંદની લાગણી હોઈ શકે; કોઈ પસંદગીનો વિચાર, કોઈ પાળીપોષીને ઉછેરેલો સંકલ્પ, અથવા અહંકારયુક્ત લાગણીઓ, અથવા આપણી ઉચ્ચોચ્ચ આશાઓ અને મહત્ત્વાકાંક્ષાઓની સિદ્ધિ હોઈ શકે છે. અથવા તો પછી કોઈ બાહ્ય પુરસ્કાર, પૂરેપૂરી રીતે ભૌતિક રીતનું વળતર કે બદલો મેળવવાની ઝંખના પણ હોઈ શકે – સંપત્તિ, પદ, સન્માન, વિજય અથવા તો અન્ય કોઈ પણ પ્રાણમય કે શારીરિક કામનાની પૂર્તિ પણ હોઈ શકે. પણ આ પ્રકારની સર્વ કામનાઓ કે ઝંખનાઓ એ લાલચો જ હોય છે, જેના વડે અહંકાર આપણને જકડી રાખતો હોય છે. આ પ્રકારની સંતુષ્ટિઓ હંમેશાં આપણને સ્વામીત્વની ભાવના, અથવા મુક્તિની લાગણીથી ભ્રમિત કરતી રહેતી હોય છે. જ્યારે વાસ્તવિકતામાં આપણે કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ, કોઈ ઉમદા કે અધમ જગતને દોરતી અંધ કામના વડે દોરાતાં હોઈએ છીએ. એ અંધ કામનાનો આવેગ આપણો ઉપયોગ કરી લેતો હોય છે. એટલા માટે જ ગીતા દ્વારા પ્રસ્થાપિત કર્મ કરવાનો પ્રથમ નિયમ છેઃ નિષ્કામ કર્મ. ફળની આશા રાખ્યા વગર કર્મ કરવું. (CWSA 23 : 102)

*

**સમતા : કર્મયોગની કસોટી**

કર્મયોગ જે કસોટી રજૂ કરે છે, એ છે સર્વ પરિણામો સર્વ પ્રતિભાવો તથા સર્વ બનાવો પરત્વે મન અને હૃદયની સંપૂર્ણ સમતા કેળવવી. સારું નસીબ કે ખરાબ નસીબ, માન કે સન્માન, પ્રતિષ્ઠા કે નિંદા, વિજય કે પરાજય, સુખદાયી બનાવ કે શોકદાયી ઘટના, આપણે હલાવી ન મૂકે એટલું જ નહિ, એ સર્વ આપણને સ્પર્શ પણ ન કરે એવી સમતા કેળવાયેલી હોવી જોઈએ.

*

બાહ્ય રીતે ગમે તે વસ્તુ બને છતાં અવિચલ બન્યા રહેવું એ સમતાનું સાચું આંતરિક વલણ છે. પરંતુ બાહ્ય ક્ષેત્રમાં સફળતા પામવા માટે ખરી જરૂરની વસ્તુ (જો તમે મનુષ્યો વાપરે છે તેવાં સાધનો, છળકપટ, કે યુક્તિપ્રયુક્તિનો ઉપયોગ ન કરો) તો એ છે કે તમારામાં એક એવી શક્તિ હોવી જોઈએ કે જેને લઈને તમે શાંતિપૂર્વક એક પ્રકારનો શક્તિનો પ્રસાર કરી શકો, જેને લઈને સામી વ્યક્તિનું વલણ અને સંજોગો બદલાઈ જાય અને તમારું બાહ્ય કર્મ કરવા લાયક, યોગ્ય અને અસરકારક વસ્તુ બની રહે.

(પુસ્તિકા કર્મ : પૃ. ૨૪)

**કર્મ અને સાધના :**

તમારે માટે ઘેર રહીને તેમ જ તમારા કાર્યમાં રત રહીને સાધના કરવી બિલકુલ શક્ય છે - ઘણા લોકો આ રીતે સાધના કરે છે. શરૂઆતમાં શ્રી માતાજીનું શકય હોય એટલું સ્મરણ અને દિવસ દરમ્યાન અમુક સમય હૃદયમાં એમના ઉપર એકાગ્રતા કરવી એ જરૂરી છે. જો બની શકે તો શ્રી માતાજી એ મા ભગવતી છે એવો ભાવ લાવી અંતરમાં એમની હાજરીનો અનુભવ કરવા અભીપ્સા રાખવી. તમારાં કાર્યો તેમને અર્પણ કરવાં અને તેઓ તમને અંતરમાં માર્ગદર્શન આપે અને તમને આધાર આપે એ માટે પ્રાર્થના કરવી. આ છે પ્રાથમિક અવસ્થા અને ઘણા કીસ્સાઓમાં એ લાંબો સમય ચાલુ રહે છે. પરંતુ સાધક જો નિષ્ઠાપૂર્વક અને દઢતાથી એમાંથી પસાર થઈ જાય તો પછી માનસિક વલણ ધીરે ધીરે બદલાતું જાય છે અને સાધકની અંદર એક નૂતન ચેતના ઉદય પામે છે જે ચેતના અંદર રહેલી શ્રી માતાજીની હાજરી વિશે વધુને વધુ સભાન બનતી જાય છે અને પ્રકૃતિમાં તથા જીવનમાં થઈ રહેલા શ્રી માતાજીના કાર્ય વિશે, તેમજ અન્ય પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિ પ્રત્યે પણ તે ચેતના સભાન બનતી જઈ સાક્ષાત્કારનો માર્ગ મોકળો કરી આપે છે. (પુસ્તિકા કર્મ : પૃ. ૧૨)

*

## सर्व कर्माणि

કૃષ્ણ તો એનાથી પણ આગળ જઈને એમ જાહેર કરે છે કે માણસ જો સાચું વલણ અપનાવીને સાચી ભાવના સહિત તેની પોતાની મૂળભૂત પ્રકૃતિ, તેનો સ્વભાવ અને ક્ષમતાથી દોરવાઈને પોતાના અને પોતાની પ્રકૃતિના ધર્મ પ્રમાણે કાર્ય કરે તો તે પ્રભુની સમીપ જઈ શકે છે. તેઓ બ્રાહ્મણ અને ક્ષત્રિયની માફક વૈશ્યના ધર્મ અને કર્મને પણ બહાલી આપે છે. અને આ રીતે જોતાં વ્યક્તિને માટે વ્યાપાર કરવો, નફો કમાવવો, પૈસા પ્રાપ્ત કરવા અને તેમ છતાં એક આધ્યાત્મિક વ્યક્તિતા બની રહેવું, યોગસાધના કરવી અને આંતર જીવન જીવવું એ તદ્દન શકય છે. ગીતા સતત રીતે કર્મને આધ્યાત્મિક મુક્તિ માટેના સાધન તરીકે સમર્થન આપે છે તથા કર્મ, ભક્તિ અને જ્ઞાનયોગનો આદેશ પણ એ આપે છે. સાથે સાથે કૃષ્ણ એક ઉચ્ચતર નિયમને પણ એની ઉપર સ્થાપિત કરે છે અને તે એ કે કર્મ કોઈ પણ જાતની સ્પૃહા સિવાય થવાં જોઈએ, કર્મના ફળ કે બદલાની ભાવના કે એને માટેની આસક્તિ ન હોવી જોઈએ અને અહંપ્રેરિત કોઈ હેતુ પણ ન જોઈએ. સર્વ કર્મ ઈશ્વરને થતાં અર્પણ રૂપે અને યજ્ઞ રૂપે થવાં જોઈએ. આ વસ્તુઓ પરત્વેનું પરંપરાગત ભારતીય વલણ આ જ પ્રકારનું રહેલું છે કે સ્વધર્મને અનુરૂપ તેમ જ સાચી ભાવનાપૂર્વક કરાતા સર્વ કર્મ કરી શકાય છે અને એ કર્મ ઈશ્વરપ્રાપ્તિમાં, આધ્યાત્મિક જ્ઞાનની ખોજમાં કે આધ્યાત્મિક જીવન જીવવામાં બાધારૂપ થતાં નથી. (SABCL 23 : 675)

*

અગ્નિની અસરને લઈને તમારા પ્રાણના પરિવર્તનની એક બીજી નોંધપાત્ર નિશાની એ છે કે તમે સ્મિતપૂર્વક મુશ્કેલીઓનો અને અંતરાયોનો સામનો કરી શકો છો.

કારણ કે, તમે તે સમયે ખાસ ઉપયોગી નથી એમ માનીને રાખ લગાવીને બિલકુલ હારી જઈને તમારી ભૂલોનાં રોદણાં રડતાં નથી. પ્રસન્નતાપૂર્વક તમે અવસાદને હાંકી કાઢો છો. સેંકડો ભૂલો તમને સતાવતી નથી, સ્મિત સાથે તમે ભૂલ કરી ચૂક્યા છો એ સમજાઈ જાય છે અને એ જ રીતે ભવિષ્યમાં મૂર્ખામી નહિ કરવાની પ્રતિજ્ઞા કરો છો. પેલી વિરોધી શકિતઓને લઈને તમારામાં અવસાદ અને શોક ઉદ્‌ભવે છે, તમારા પર ખિન્ન ભાવદશાની છાયા પાથરતાં તેઓ અત્યંત ખુશ થાય છે. અલબત્ત, વિનમ્રતા એક વસ્તુ છે, વિષાદ બીજી વસ્તુ છે; પ્રથમ, એક દિવ્ય આંદોલન છે, બીજી તામસિક શક્તિઓની એક ઘણી કઢંગી અભિવ્યક્તિ છે. એટલા માટે, મુશ્કેલીઓનો આનંદપૂર્વક સામનો કરો, રૂપાંતરને માર્ગે નડતી અટકાયતોનો એકધારી પ્રસન્નતાથી વિરોધ કરો. શત્રુને ભગાડવાનું ઉત્તમ સાધન તેને જોઈને હસવું એ છે ! દિવસો સુધી તમે તેની સામે ઝઘડો, તેને લપેટમાં લો, અને તેમ છતાંય તેનો જુસ્સો લગીરે ઓછો ન જણાય; પણ એક વાર તેની સામે હસો અને જુઓ કે તે કેવો પલાયન કરી જાય છે ! આત્મશ્રદ્ધાયુક્ત એક હાસ્ય અને ભગવાનમાં શ્રદ્ધા એક અત્યંત છિન્નભિન્ન કરનારું આવશ્યક બળ છે; શત્રુની આગળની હરોળમાં તે ભંગાણ પાડે છે, સૈન્યમાં હાહાકાર મચાવે છે અને તમને વિજયીની અદાથી આગળ ધપાવે છે.

પરિવર્તન પામેલો પ્રાણ ઉપલબ્ધિની પ્રક્રિયામાં આનંદ પણ અનુભવે છે. એ પ્રક્રિયામાં સૂચિત સઘળી મુશ્કેલીઓને તે મજાથી સ્વીકારે છે. સત્યની ઝાંખી કરવામાં તેમ જ જૂઠાણાની રમત તેની નિમ્ન પ્રકૃતિમાં ખુલ્લી થતાં તેને જે સુખ મળે છે એવું કદાપિ મળ્યું હોતું નથી, તે યોગનો ભાર વહન કરતો હોતો નથી, પણ જાણે કે તે એક ખૂબ ખુશપૂર્વકનો વ્યવસાય હોય તેમ તેને મ્હાણે છે. રૂપાંતરની ક્રિયાની જો એક પરિસ્થિતિ હોય તો હિંમતપૂર્વક વધુમાં વધુ સહન કરવા તે તત્પર હોય છે. નહિ ફરિયાદ, નહિ બડબડાટ, — દિવ્યને ખાતર સહેવાનું છે એમ માનીને તે સુખ અનુભવે છે. તેનામાં દૃઢ પ્રતીતિ હોય છે કે વિજય થવાનો છે. શ્રી અરવિન્દે પરિવર્તનનું જે ભવ્ય કાર્ય ઉપાડયું છે તે સફળતામાં પરિણત થવાનું છે. તેવી માન્યતામાંથી તે પળ માટે પણ વિચલિત થતો નથી કારણ કે, તે એક ચોક્કસ હકીકત છે. આપણે જે કાર્ય હાથ ધર્યું છે તેના પરિણામ વિશે કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન નથી. એ માત્ર કોઈ એક પ્રયોગ નથી; પણ અતિમનસ-ચેતનાનું એક અનિવાર્ય પ્રકટીકરણ છે. રૂપાંતર પામેલા પ્રાણને વિજયનું ક્રાંતદર્શન હોય છે, પોતાની સંકલ્પશક્તિને પ્રગતિ ભણી દોરી જાય છે, જે કદાપિ પીછેહઠ કરતી નથી. દિવ્યના વિજય વિશેની ખાત્રીમાંથી ઉદ્‌ભવતી શક્તિનો તે પૂરેપૂરો અનુભવ કરે છે. તે હંમેશાં પોતામાં એ વિશે સચેત હોય છે કે આવશ્યક બધું થઈ રહેશે. પોતાના શત્રુઓનો સામનો કરવાની અમોઘ  તાકાત તેનામાં આવશે અને આખરે તેમના પર જીત મળશે, એની તેને ખાત્રી હોય છે. તેણે શા માટે નિરાશ થવું જોઈએ કે ફરિયાદ કરવી જોઈએ ? રૂપાંતર થઈને રહેવાનું છે, તેને કશું જ અટકાવી શકે તેમ નથી. સર્વજ્ઞનું ફરમાન કોઈ મિથ્યા કરી શકે તેમ નથી. માટે તમારાં અણવિશ્વાસ અને

નબળાઈ ફેંકી દો, હિંમતપૂર્વક સહન કરવાનો હમણાં જ સંકલ્પ કરો. જ્યારે આ લાંબી લડત ચિરસ્થાયી વિજય તરફ વળાક લે, એવું એ મહાન દિવસનું આગમન હો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૫૨-૫૪)

*

પ્રાણમાં રહેલી પ્રાણ-શક્તિ ભૌતિક જગત અને શારીરિક પ્રકૃતિ ઉપર દિવ્ય શક્તિના સર્વ કાર્ય માટે એક અનિવાર્ય કરણ છે. અને માટે જ જ્યારે આ પ્રાણનું રૂપાંતર કરવામાં આવે અને એને દિવ્ય શક્તિનું વિશુદ્ધ અને સમર્થ કરણ બનાવવામાં આવે ત્યારે જ દિવ્ય જીવન શક્ય બને. અને ત્યાર પછી જ શારીરિક પ્રકૃતિનું સફળ રૂપાંતર સંભવી શકે; બાહ્ય જગત ઉપર મુક્ત એવું પૂર્ણ દિવ્ય કાર્ય સંભવી શકે - કારણ કે આપણાં હાલનાં કરણો વડે આવું કોઈ પણ કાર્ય સંભવી શકે એમ નથી.

*

રૂપાંતર એટલે ઊર્ધ્વ ચેતના કે પ્રકૃતિને મન, પ્રાણ અને શરીરમાં નીચે ઉતારી લાવવામાં આવે અને એ ચેતના નિમ્ન કરણોનું સ્થાન લઈ લે. (Cent. ed. Vol. 24, PP 1289-90)

**ગીતાનો કર્મયોગ :**

ગીતાનો ઉકેલ એ છે કે આપણે આપણી પ્રકૃતિના સ્વરૂપથી, મનની સામાન્ય અવસ્થામાંથી ઊંચે જવું જોઈએ. ઊર્ધ્વમાં આરોહણ કરવું જોઈએ. આપણી બુદ્ધિની અને નીતિની ગૂંચવણોમાંથી નીકળીને કોઈ જુદી જ, ઊંચે રહેલ, આધ્યાત્મિક ચેતનામાં આપણે આરોહણ કરવું જોઈએ, જ્યાં ચેતનાનો જુદો જ નિયમ અને તેથી કર્મોનું જુદું જ દૃષ્ટિબિંદુ પ્રવર્તે છે. એ આધ્યાત્મિક ચેતનામાં અંગત કામનાઓ અને અંગત લાગણીઓ કર્મનું શાસન કરતી નથી, માનવ-પ્રકૃતિમાં રહેલ દ્વંદ્વોનો લય થઈ જાય છે, ત્યાં અંગત પાપ અને પુણ્યની ભાવનાથી આપણે પર થઈ જઈએ છીએ.

*

આ ગીતાના કર્મયોગનો સાર છે. તમારું આખું જીવન બદલી નાખો, આધ્યાત્મિક જીવનમાં નવજન્મ પામો; અને એ નવો જન્મ ધારણ કર્યા પછી અંતરાત્મા તમને જે કર્મ કરવાની આજ્ઞા કરે, પ્રેરણા આપે તે કર્મ કરો એ ગીતાનો સંદેશ છે. ગીતાનો એ બોધ વધારે ગંભીર રીતે અને વધારે આધ્યાત્મિક અર્થમાં મૂકીએ તો એમ કહી શકાય કે અહીં જીવનમાં જે જે કર્મો તમારે કરવાનાં છે તે બધાંને તમારા આધ્યાત્મિક દિવ્ય નવજીવનના સાધનરૂપ બનાવો. તેમનો તમારી પ્રગતિ માટે ઉપયોગ કરી લો અને એ પ્રમાણે દિવ્ય જીવન સાધીને પછી પણ લોકોને દોરવા ખાતર પ્રભુના કરણ તરીકે પ્રભુનું કાર્ય ચાલુ રાખો. (ગીતા નિબંધો પૃ. ૨૯૮-૩૦૨)

**અતિમાનસ કર્મ માર્ગ :**

દિવ્ય કર્મોના સાચા કરનાર તમારે થવું હોય તો સઘળી કામનાઓ અને સ્વ-કેન્દ્રિત અહંથી પૂરેપૂરા મુક્ત થઈ જવું એ તમારો પ્રથમ ઉદ્દેશ હોવો જોઈએ. તમારું સમગ્ર જીવન પરમ પુરુષને એક આહુતિ અને એક યજ્ઞ રૂપ બની રહેવું જોઈએ. કર્મ કરવામાં તમારો

એકમાત્ર હેતુ દિવ્ય શકિતની કર્મ દ્વારા સેવા કરવી, તેને તમારા અંતરમાં ધારણ કરવી, તેને જીવનમાં સાર્થક કરવી તથા તેનો આવિર્ભાવ કરનાર કરણ રૂપ બની રહેવું એટલોજ હોવો જોઈએ. તમારે દિવ્ય ચેતનામાં વિકાસ પામવાનું છે અને તે એટલે સુધી કે તમારા અને મા ભગવતીના સંકલ્પમાં કશો ફેર રહેશે નહિ અને કર્મ કરવામાં એની પ્રેરણા સિવાય બીજો કોઈ હેતુ નહિ હોય, અને એવું કોઈ કર્મ નહિ હોય જે તમારી અંદર અને તમારા દ્વારા મા ભગવતીનું સજ્ઞાનપણે કરવામાં આવતું કર્મ નહિ હોય.

મા ભગવતી સાથે આ પ્રકારની સંપૂર્ણ ક્રિયાત્મક એકતાને અનુભવવાના તમે અધિકારી બનો તે પૂર્વે મા ભગવતીની સેવા માટે સર્જિત, સઘળું એને જ માટે કરનાર, એક આત્મા અને શરીર તરીકે તમારે તમારી જાતને ગણવી જોઈએ. તમે પોતે એક જુદા કાર્યકર્તા છો એવો વિચાર તમારા અંતરમાં ઘણો દૃઢ હોય તથા તમને એમ લાગતું હોય કે તમે પોતે જ કર્મના કર્તા છો તોપણ એ કર્મ તમારે મા ભગવતીને ખાતર કરવું જોઈએ. અહંની પોતાની પસંદગીનું સઘળું દબાણ, અંગત લાભ ઉઠાવવા માટેની સઘળી તૃષ્ણા, સ્વાર્થપરાયણ કામનાઓની બધી શરતો — એ સઘળું પ્રકૃતિમાંથી જડમૂળથી ઉખેડીને દૂર નાંખી દેવું જોઈએ. કર્મના ફળને માટે લેશ પણ માગણી હોવી ન જોઈએ, બદલા માટે, ઈનામ માટે પણ વાંછના ન જોઈએ. મા ભગવતીની પ્રસન્નતા અને એના કાર્યની સિદ્ધિ એ જ તમારે માટે કર્મનું એકમાત્ર ફળ છે, અને દિવ્ય ચેતનામાં, સ્થિરતામાં, શક્તિ અને આનંદમાં સતત પ્રગતિ એ જ કેવળ તમારે માટે પૂરતો બદલો છે. નિઃસ્વાર્થ કર્મ કરનાર માટે સેવાનો આનંદ, કર્મ દ્વારા થતા અંતરના વિકાસનો આનંદ એ જ પૂરતો બદલો છે.


પરંતુ એવો સમય જરૂર આવશે જ્યારે તમે કરણ માત્ર છો અને કર્તા નથી એમ તમે વધારેને વધારે અનુભવશો. કારણ કે પ્રથમ તો તમારી ભક્તિના બળને લઈને મા ભગવતી સાથેનો તમારો સંબંધ એટલો તો ગાઢ, એટલો તો અંતરનો થઈ જશે કે ગમે ત્યારે ફક્ત એકાગ્રતા કરીને મા ભગવતીના હાથમાં બધું મૂકી દેશો કે તુર્ત મા ભગવતીની પ્રત્યક્ષ દોરવણી, એનો સીધેસીધો આદેશ, કે પ્રેરણા, શું કરવાનું છે તેનું અચૂક ઇંગિત, કેવી રીતે કરવાનું છે તથા એનું પરિણામ શું આવવાનું છે એનો ચોક્કસ નિર્દેશ તમને મળી રહેશે. અને ત્યાર પછી મા ભગવતી તમારાં કાર્યો માટેની કેવળ પ્રેરણા આપે છે અને તેમને દોરે છે એટલું જ નહિ પરંતુ તે જ તમારાં કર્મોનો તમારામાં આરંભ કરે છે અને તેમને પાર પાડે છે એવું પણ તમે અનુભવશો. તમારી અંદર થતી સઘળી ક્રિયાઓનો આરંભ મા ભગવતી કરે છે, તમારી સઘળી શક્તિ તેની જ છે, તમારાં મન, પ્રાણ અને શરીર મા ભગવતીનાં કર્મ માટેનાં સચેતન અને પ્રસન્ન કરણો છે, એની લીલાનાં સાધનો છે, આ સ્થૂલ વિશ્વમાં એનો આવિર્ભાવ કરવાના ઢાળ જેવાં છે. તેની સાથેની આ એકતા અને આ આશ્રયભાવ કરતાં વધારે સુખમય કોઈ અવસ્થા છે નહિ. કારણ કે એ ગતિ તમને અજ્ઞાનનાં ઘર્ષણવાળા અને ક્લેશમય જીવનની મર્યાદાની પેલી તરફ તમારા આધ્યાત્મિક જીવનના સત્યમાં પાછા લઈ જઈને ત્યાં તમને સ્થાપન કરી આપે છે, એની ગંભીર શાંતિમાં અને એના નિરતિશય આનંદમાં તમને પહોંચાડે છે.

આ રૂપાંતર સધાતું હોય તે દરમિયાન અહંના વિકારોના સર્વ પ્રકારના રંગોથી, ચેપથી, અશુદ્ધિથી તમારી જાતને મુક્ત રાખવી એ કાર્ય સૌથી વધારે અગત્યનું છે. કોઈપણ પ્રકારની માગણી કે આગ્રહ ધીમે પગલે વધીને તમારા સમર્પણની અને યજ્ઞની પવિત્રતાને ડાઘ ન લગાડે તેની સંભાળ રાખો. કર્મ પ્રત્યે કે પરિણામ પ્રત્યે જરા પણ આસક્તિ હોવી ન જોઈએ, તમારે કોઈ પ્રકારની શરતો આગળ ધરવી ન જોઈએ, જે શક્તિએ તમને પોતાના હાથમાં લેવા જોઈએ તેને તમારા હાથમાં લેવાનો લેશ પણ હક્ક ન કરવો જોઈએ, 'હું પ્રભુનું હથિયાર છું' એવું, કે 'હું કરણ છું' એનું અભિમાન, ફૂલણજીપણું કે દર્પ લેશ પણ હોવો ન જોઈએ. તમારા મનની અંદર, પ્રાણમાં કે શરીરના ભાગોમાં એવું કશું ન હોવું જોઈએ જે તમારી મારફત કાર્ય કરી રહેલી દિવ્ય શક્તિની મહત્તાને પોતાના ઉપયોગ માટે વિકૃત કરે, અથવા તો, તેને પોતાના અંગત અને અલગ સંતોષ માટે ઝડપી લે. તમારી શ્રદ્ધા, દિલની સચ્ચાઈ અને અભીપ્સાની વિશુદ્ધિ જેટલી બને તેટલી ઉત્કૃષ્ટ, નિરપેક્ષ બનાવો, તથા તમારા અંતરની ચેતનાની સર્વે ભૂમિકાઓમાં અને સ્તરોમાં તેને વ્યાપક થવા દો. ત્યાર પછી અશાંતિ ઉત્પન્ન કરનાર પ્રત્યેક તત્ત્વ તથા વિકૃતિ ઉત્પન્ન કરનાર પ્રત્યેક અસર તમારી પ્રકૃતિમાંથી ક્રમે ક્રમે સરી જશે.

જ્યારે મા ભગવતી સાથે તમે સંપૂર્ણ એકતાને પામશો અને તમે તેનાથી કોઈ જુદી વ્યક્તિ, કરણ, સેવક અથવા કર્તા છો એમ બિલકુલ નહિ અનુભવો પરંતુ સાચી રીતે મા ભગવતીની ચેતનાના અને શક્તિના બાળક અને તેના સનાતન અંશ તમે છો એમ જ્યારે અનુભવતા થશો ત્યારે આ સિદ્ધિની ચરમ અવસ્થા પ્રાપ્ત થઈ ગણાશે. સદા તે તમારામાં હશે અને તમે તેની ચેતનામાં વાસ કરશો; તમારા સર્વ વિચારો, દૃષ્ટિ અને ક્રિયા, તમારા શ્વાસોચ્છ્વાસ, અને હલનચલન પણ મા ભગવતીમાંથી જ આવે છે અને તેનાં પોતાનાં જ છે એવો તમારો સતત, સરળ અને સહજ અનુભવ બની રહેશે. તમે જાણશો, જોશો અને અનુભવશો કે તમે પોતે મા ભગવતીએ પોતામાંથી વિસર્ગ કરેલી એક વ્યક્તિ અને તેની જ એક શક્તિ છો, આવિર્ભાવની લીલાને ખાતર તેણે તમને પોતાનામાંથી બહાર મૂક્યા છે, અને છતાં, તમે હમેશાં તેનામાં સુરક્ષિત છો. તમે તેના સત્‌ના એક સત્‌-રૂપ, તેની ચેતનાની ચેતના, તેની શક્તિની શક્તિ, તેના આનંદના આનંદ રૂપ છો. આ અવસ્થા જ્યારે સંપૂર્ણતાએ પહોંચશે તથા મા ભગવતીની વિજ્ઞાનમય શક્તિઓ તમને છૂટથી સંચાલિત કરી શકશે, ત્યારે તમે દિવ્ય કર્મો કરવામાં પૂર્ણતાને પ્રાપ્ત કરશો. જ્ઞાન, સંકલ્પશક્તિ અને કર્મ અચૂક, જ્ઞાનપ્રકાશવાળાં, સહજ અને સ્ખલન વગરનાં બનશે, પરમ ઈશમાંથી પ્રગટતો એક સ્રોત, શાશ્વતની એક દિવ્ય ક્રિયા બની રહેશે.

**શ્રી અરવિન્દ**

('મા' પુસ્તક : પૃ. ૨૭થી ૩૩)



**December 29, 1916**

**હે મારા મધુર સ્વામી, તમારા પ્રેમનું કરણ હું બની રહું તે મને શીખવો.**

CWSA 32 : 641 **Sri Aurobindo**

# કર્મ પાછળનો સંકલ્પ

કોઈપણ રાગદ્વેષ વિના પસંદ કરવું, કોઈપણ ઈચ્છા વિના વસ્તુઓ આચરવી એ તો એક ઘણી મોટી મુશ્કેલ વસ્તુ છે અને આપણે જે સાચી ચેતનાનો વિકાસ સાધવાનો છે અને જે આત્મસંયમ સિદ્ધ કરવાનો છે તેના છેક પાયામાં તે રહેલી છે. આ રીતે જોતાં, પસંદ કરવું એટલે કે સત્યનું દર્શન મેળવવું અને તેને સાકાર કરવું એમ અર્થ થાય છે. આવી રીતે કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે કશી પણ આસક્તિ વિના પસંદગી કરવી, એ સામાન્ય માણસ માટે સ્વાભાવિક રીતે જ અત્યંત મુશ્કેલ વસ્તુ બની રહે છે. છતાં આપણે એ વસ્તુ શીખવાની જ છે. આપણે કશા પણ રાગદ્વેષ વિના હરેક રીતના આકર્ષણ તથા ભાવબંધનમાંથી મુક્ત રહીને, આપણને દોરી રહેલા સત્ય ઉપર જ કેવળ આધાર રાખીને કેવી રીત કાર્ય કરવું એ શીખવાનું છે અને એક વાર તમે સત્યને અનુસરીને જે કાર્ય કરવાનું હોય તે પસંદ કરી લો, તે પછી તેને કશી પણ ઈચ્છા વિના તમારે પાર પાડવાનું છે.

તમે જો તમારું પોતાનું ઊંડું નિરીક્ષણ કરશો તો તમને દેખાઈ આવશે કે તમે કામ કરવા માંડો છો ત્યારે પ્રથમ તો તમારે તે માટે પ્રેરણાની જરૂર રહે છે, કોઈક વસ્તુ તમને ધક્કો આપે તેની જરૂર રહે છે. સામાન્ય માણસમાં આ પ્રેરણા, સામાન્ય રીતે ઈચ્છા રૂપે કામ કરતી હોય છે. તો તમારે આ ઈચ્છાને બદલે સત્ય વિશેનું એક સ્પષ્ટ, ચોક્કસ અને સતત ટકી રહેતું દર્શન મેળવી લેવાનું રહે છે.

આ વસ્તુને કેટલાક લોકો પ્રભુનો અવાજ કહે છે અથવા તો પ્રભુનો સંકલ્પ કહે છે. પણ આ શબ્દોનો સાચો અર્થ હવે રહ્યો નથી, એટલે હું 'સત્ય' શબ્દ વાપરવો વધુ પસંદ કરું છું. જો કે આ શબ્દ પણ એક ઘણી મર્યાદિત વસ્તુને રજૂ કરે છે. આખાયે વિશ્વના મૂળરૂપ તથા લક્ષ્યરૂપ એવું જે મૂળ તત્ત્વ છે અને આપણે જેને કોઈ નામ આપી શકતા નથી, એને માત્ર કહીને જ કામ ચલાવીએ છીએ. એ પરમ તત્ત્વનું 'સત્ય' શબ્દમાં એક ઘણું જ મર્યાદિત પાસું રજૂ થાય છે. વળી આ અંગે હું 'પ્રભુ' શબ્દ જાણી જોઈને વાપરતી નથી, કારણ કે ધર્મોએ 'પ્રભુ' શબ્દ જે રીતે વાપર્યો છે તે મુજબ તો પ્રભુ તે પોતાની સૃષ્ટિથી એક ભિન્ન અને બહાર રહેલી એવી સર્વસમર્થ વ્યક્તિ બની રહે છે અને એ વાત બરાબર નથી.

છતાં, સ્થૂલ ભૂમિકા ઉપર આવો ભેદ તો દેખીતી રીતે રહેલો જ છે, કેમ કે આપણે હજી અત્યારે જે કાંઈ છીએ તે રૂપે આપણે રહેવા માગતા નથી અને આપણે જે કંઈ બનવાની ઈચ્છા રાખીએ છીએ તે પ્રભુ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨-૩)

*

**સંકલ્પને દઢ રાખો**

તપઃશકિતને નિશ્ચળ બનાવો. તમારી અંદરના ઉદ્ધત અને તોફાની ભાગોને મનસ્વી બાળક જેવા ગણો. તેમના ઉપર સતત ધીરજપૂર્વક કાર્ય કર્યે રાખો; તેઓ ભૂલ કરે છે તે વિશે તેમને ખાતરી કરી આપો.

એક વાર ચૈત્ય પુરુષનું — અંતરાત્માનું — ચૈતન્ય તથા તેની અભીપ્સા તમારામાં જાગ્રત થશે એટલે આ બધા સંશયો અને મુશ્કેલીઓનો વિનાશ થઈ જશે. તેમ થતાં થોડો સમય લાગે છે, પણ અંતે તમારો વિજય જરૂર થવાનો છે. એક વાર ભગવાન પ્રત્યે તમારું અંતર વળ્યું અને તેને તમે કહ્યું કે ‘હું તારો થવા માગું છું,’ અને ભગવાને તમારો સ્વીકાર કર્યો, ત્યાર પછી આખી દુનિયા પણ તમને તેની જોડે એક થતાં અટકાવી શકશે નહિ. અંતરાત્માએ પોતાનું સમર્પણ કર્યું એટલે મુખ્ય મુશ્કેલી દૂર થઈ સમજવી. માનવનું બહિર્મુખ વ્યક્તિત્વ બહારના એક પડ જેવું છે. સામાન્ય માણસોમાં એ પડનું જડ આવરણ એવું તો કઠણ અને જાડું હોય છે કે પોતાનામાં રહેલા પ્રભુત્વ વિશે તેઓ બિલકુલ સચેતન — જાગ્રત — હોતા નથી. જો એક વાર, અને તે પણ ફક્ત એક જ ક્ષણ માટે, અંતરાત્મા કહે છે, ‘હું આ રહ્યો, હું તારો છું,’ તો માનવ અને પ્રભુ વચ્ચે એક પ્રકારનો સેતુ બંધાય છે અને ધીમે ધીમે અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થર પાતળા પડીને લય પામતા જાય છે. છેવટે બન્ને ભાગ પૂરેપૂરા જોડાઈ જાય છે અને આંતર તથા બાહ્ય વ્યક્તિત્વ જુદાં મટીને એક થઈ રહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૮-૯)

*

**ઈશ્વરનો સંકલ્પ શું છે એ જાણવું?**

**બાળક :** પ્રભુનો સંકલ્પ શો છે તે કેવી રીતે જણાય?

**શ્રી માતાજી :** એ તમારે જાણવાનો હોતો નથી, અનુભવવાનો હોય છે અને એને અનુભવવા માટે તમારે ખૂબ જ તીવ્ર રીતે, ખૂબ જ સાચા હૃદયથી સંકલ્પ કરવો જોઈએ અને એમ થતાં પછી બધો અંતરાય ચાલી જશે. જ્યાં સુધી તમારામાં પસંદગીનું કોઈક તત્ત્વ રહેતું હોય છે — ઈચ્છા, આકર્ષણ, ભાવબંધન રહેતાં હોય છે, ત્યાં સુધી એ બધાં તમારા આગળથી સત્યને ઢાંકી રાખે છે. એટલે તમારે સૌથી પ્રથમ તો તમારી ચેતનાની આ બધી ક્રિયાઓ ઉપર કાબૂ મેળવવાનો, તેમને વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જે ક્રિયાઓ બદલાઈ શકે તેવી ન હોય તેમને નિર્મૂળ કરી નાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને આખરે આ ક્રિયાઓ સત્યની એક સંપૂર્ણ અને સ્થાયી અભિવ્યક્તિ બની રહેશે.

અને એમાં તમે કેવળ સંકલ્પ કરો એટલું પણ પૂરતું નથી, કેમ કે ઘણી વખત તો આપણે સંકલ્પ કરવાનું પણ ભૂલી જઈએ છીએ.

એટલે પછી તમારામાં એક અભીપ્સા હોવી જોઈએ અને એ એક અખંડ અગ્નિની માફક સતત જલતી રહેવી જોઈએ. અને જ્યારે જ્યારે તમારામાં ઇચ્છા ઊભી થાય, રાગદ્વેષ ઊભા થાય, આકર્ષણ જન્મે, ત્યારે ત્યારે તમારે તેમને એ અગ્નિમાં નાખી દેવાં

જોઈએ. આ વસ્તુ તમે જો સતત આગ્રહપૂર્વક કરતા રહેશો, તો પછી તમને જણાશે કે તમારી સામાન્ય ચેતનામાં પણ સાચી ચેતનાનો એક નાનકડો ઝબકારો જન્મ લઈ રહ્યો છે. પ્રથમ તો એ ઝબકારો સાવ અસ્પષ્ટ હશે, ઇચ્છાઓ અને રાગદ્વેષો તથા આકર્ષણો અને ભાવબંધનોના કોલાહલની પાછળ ખૂબ દૂર દૂર રહેલો દેખાશે. પણ તમારે આ બધાંની પાછળ ચાલ્યા જવું જોઈશે અને ત્યાં તમને આ સાચી ચેતનાનાં દર્શન થશે અને તમે જોશો કે એ ખૂબ જ શાંત, સ્વસ્થ અને લગભગ નીરવ જેવી ચેતના હોય છે.

જે લોકો સાચી ચેતનાના સંપર્કમાં રહેતા હોય છે તેમને એકીસાથે સર્વ રીતની શક્યતાઓ દેખાઈ આવે છે અને જો જરૂર હોય તો, તેઓ અતિશય પ્રતિકૂળ હોય એવી શકયતાને પણ પસંદ કરી લે છે. પરંતુ એ સ્થિતિમાં પહોંચવા માટે તમારે ખૂબ ખૂબ માર્ગ કાપવાનો રહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૩-૪)

*

**ઈશ્વરના સંકલ્પનો સ્વીકાર કરવો**

ભગવાનની ઇચ્છા આપણી પાસે કાર્ય કરાવે છે એ કેવી રીતે જાણવું એમ તમે મને પૂછશો. ભગવાનની તપઃશક્તિને ઓળખી કાઢવાનું કામ મુશ્કેલ નથી. તેના વિશે ભૂલમાં પડી શકાય તેમ નથી. યોગસાધનાના માર્ગમાં બહુ આગળ વધ્યા સિવાય પણ તમે તેને જાણી શકો છો પરંતુ તેને માટે તેના અવાજને, અંતરની નીરવતામાં થતા ઝીણા પ્રશાંત સાદને તમારે સાંભળવો જોઈએ. એક વાર તમે તે સાદને સાંભળતાં શીખશો ત્યાર પછી ભગવાનની તપઃશક્તિ વિરુદ્ધ કાંઈ પણ કરશો તો તરત જ તમને એક પ્રકારની બેચેની લાગશે. એ લાગણી થવા છતાં ખોટા રસ્તે ચાલ્યા કરવાનો આગ્રહ રાખશો તો તમે ઘણા જ ક્ષુબ્ધ થઈ જશો. પરંતુ તમારી બેચેનીના કારણ તરીકે તમે કોઈ બહારનાં સ્થૂલ કારણોને ગણશો અને ખોટે માર્ગે ચાલ્યા જ કરશો તો હૃદયના સાદને પારખવાની એ શક્તિ ધીમે ધીમે જતી રહેશે, અને છેવટે લેશ પણ બેચેની થયા વગર સર્વ પ્રકારનાં અનિષ્ટ કાર્યો તમે કરી શકશો, પરંતુ અંતરમાં જરા પણ ક્ષોભ થાય કે તરત તમે અટકો અને તમારા અંતરાત્માને પૂછો, 'આમ થવાનું કારણ શું છે?' તો તમને સાચો ઉત્તર જરૂર મળશે અને આખી બાબત દીવા જેવી સ્પષ્ટ થઈ જશે. જરા નિરુત્સાહ કે થોડી બેચેની થાય એટલે તેનાં સ્થૂલ કારણો આપવા ન માંડો. વળી જ્યારે તમે અટકીને કારણની શોધ કરતા હો ત્યારે તદ્દન ઋજુ અને દિલના સાચા બનો. શરૂઆતમાં તો તમારું મન સાચી લાગે તેવી અને પોતાને મનગમતી સુંદર સમજૂતી તૈયાર કરશે. તેનો સ્વીકાર ન કરશો. તેની પેલી પાર દૃષ્ટિ કરો અને પૂછો, 'આ આખી ક્રિયાની પાછળ શું રહેલું છે? અમુક કાર્ય હું શા માટે કરી રહ્યો છું?' છેવટે વલણની થોડી જેટલી વક્રતા, કોઈ સ્થળે વલણમાં ગૂંચ યા આમળો — નાની સરખી લહેરના જેટલો — અંતરના કોઈ ખૂણામાં ભરાઈ રહેલો જણાશે કે જે આખી અશાંતિ યા ક્ષોભનું કારણ હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૦-૧૧)

*

જે કર્મ કશા પણ અંગત હેતુઓ વિના, કીર્તિ કે જાહેર સન્માન કે દુન્યવી મોટાઈની ઇચ્છા વિના, પોતાના માનસિક હેતુઓ કે પ્રાણમય લાલસાઓને માગણીઓ કે શારીરિક પસંદગીઓના આગ્રહ વિના, મિથ્યાભિમાન કે મૂર્ખ આપવડાઈ વિના, પદવી કે પ્રતિષ્ઠાની માગણી વિના, અને ફક્ત પ્રભુને એકલાને માટે અને પ્રભુની આજ્ઞાને આધીન રહીને કરવામાં આવતું હોય છે તે જ કર્મ આધ્યાત્મિક રીતની વિશુદ્ધિ મેળવી આપે છે.

*



દર્શન

# કર્મનો હેતુ

**સાધનાનું સાધન**

કર્મ એ જ એકમાત્ર હેતુ નથી; કર્મ છે સાધનાનું સાધન.

*

નિશ્ચિતપણે યોગ્ય રીતે કરવામાં આવેલું કર્મ તથા ચેતનાને શક્તિ પરત્વે અભિમુખ રાખીને કરેલું કર્મ એ સાધના જ છે.

*

સાધના વગર યોગનો હેતુ સિદ્ધ કરી શકાય નહિ. કર્મને જ સાધનાના અંગ રૂપ ગણી લેવું જોઈએ. પણ એ તો સ્વાભાવિક છે કે તમે જ્યારે કર્મ કરતા હો ત્યારે તમારે એ કર્મ વિશે જ વિચાર કરવો પડે, જે કર્મને તમે યોગિક ચેતનામાંથી કરતા શીખશો, ઈશ્વરના સ્મરણ સહિત એમના કરણ તરીકે કર્મ કરતાં તમે શીખશો. (CWSA 29 : 231)

*

**આધ્યાત્મિક શુદ્ધિકરણ**

અંગત સ્વાર્થ વગર, પ્રસિદ્ધિની ખેવના તેમ જ કહેવાતી મહાનતા કે લોક સત્કાર મેળવવાની ઇચ્છા વગર થતાં કર્મો, તેમ જ પોતાના મનની વૃત્તિઓ, પ્રાણની ઇચ્છાઓ અને શરીરના પૂર્વગ્રહોને વચ્ચે લાવ્યા વગર, કોઈ પણ જાતના દંભ વગર, માન કે સ્થાનની પરવા કર્યા વગર; પોતાની જાતને સ્થાપિત કરવાની ક્રૂર ભાવના વગર ફક્ત ઈશ્વરને ખાતર જ અને ઈશ્વરના આદેશને અનુસરીને કરાયેલ કર્મ જ વ્યક્તિનું આધ્યાત્મિક શુદ્ધિકરણ કરી શકે છે. અહંકારમાં રહીને કરેલાં બધાં કર્મો અજ્ઞાનમાં રહેતા લોકોને માટે ગમે તેટલાં સારાં હોય; પરંતુ યોગમાર્ગનું અનુસરણ કરનાર મુમુક્ષુને માટે તેનું કંઈ જ મહત્ત્વ નથી. (Letter on Yoga : 528)

*

તમારો હેતુ તમારી પોતાની આંતરિક પ્રગતિ અને પૂર્ણતા માટે યોગસાધનાનું આચરણ કરવાનો જ નહિ, પરંતુ એ હેતુ ઈશ્વર માટે કર્મ કરવાનો પણ હોવો જોઈએ.

(CWSA 29 : 232)

*

યજ્ઞની ભાવનાથી સાવધાનીપૂર્વક કરવામાં આવેલું કોઈપણ કર્મ, કર્મ દ્વારા કરાતા આત્મસમર્પણ માટેનું સાધન બની રહે છે. એ કર્મ અહંભાવ અને ઇચ્છાઓનો પરિત્યાગ કરીને, સમતાપૂર્વક, અનુકૂળ કે પ્રતિકૂળ ભાવિમાં સ્વસ્થ રહીને ફક્ત ઈશ્વરને ખાતર જ કરવામાં આવેલું કર્મ હોવું જોઈએ. અંગત ફાયદો કે પરિણામની ખેવના સાથે

કરાયેલું કર્મ નહિ, પરંતુ એવી ચેતનામાં રહીને કરાયેલું કર્મ કે જે ચેતના જાણે છે કે સર્વ કર્મ ઈશ્વરની શક્તિને જ આધીન છે. (Letter on Yoga : 677)

*

જે ભાવપૂર્વક અને જે ચેતના સહિત કર્મ કરવામાં આવે તે ભાવ અને ચેતના કર્મને યૌગિક બનાવે છે – કર્મ જાતે જ યૌગિક હોતું નથી.

*

કોઈ પણ કર્મ ઈનામ કે પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે કરવું એ યોગના નિયમથી વિરુદ્ધ છે. વ્યક્તિએ કર્મ એટલા માટે કરવું જોઈએ કે એ યોગ્ય કર્મ હોય, અથવા તો તમે એ કર્મ ઈશ્વરને ખાતર કરો. પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે નહિ. (CWSA 29 : 233)

*

## કર્મની ઉપયોગિતા

કર્મ કરતા રહેવાથી આંતરિક અનુભૂતિ અને બાહ્ય વિકાસ વચ્ચે સમતુલા જાળવી રાખવામાં સહાય પ્રાપ્ત થાય છે. એમ ન થાય તો સમતુલાનો ને માપનો અભાવ ઊભો થાય. એક તરફી વલણ પણ કેળવાય. ઈશ્વર ખાતર કર્મની સાધના કરતા રહેવું એ જરૂરી છે. કારણ, છેવટે એને લીધે જ સાધક આંતરિક પ્રગતિને બાહ્ય પ્રકૃતિ તથા જીવનમાં લઈ આવી શકે છે અને એ સાધનાની પૂર્ણતા પ્રાપ્ત કરવમાં સહાયકારક પુરવાર થાય છે.
(CWSA 29 P : 240)

*

હા, દેખીતી રીતે, કર્મની એક મહત્તર ઉપયોગિતા એ છે કે તે પ્રકૃતિની કસોટી કરે છે અને સાધકને એના બાહ્ય સ્વરૂપની ખામીઓ સમક્ષ મૂકી આપે છે. કર્મ ન કરનાર સાધક કદાચ બાહ્ય સ્વરૂપની ખામીઓથી અજાણ પણ રહી જાય ! (CWSA 29 : 241)

*

## દિવ્ય કર્મની તાલીમ

અહીં (આશ્રમમાં) થતું કાર્ય અને બહાર થતું કાર્ય અલબત્ત એકસમાન નથી જ. બહાર થતું કાર્ય કોઈ પણ રીતે વિશેષતામાં દિવ્ય કર્મ તો નથી હોતું – એ છે જગતમાં થતું સામાન્ય કર્મ. તેમ છતાં વ્યક્તિએ એ કર્મને તાલીમરૂપ ગણવું જોઈએ. કર્મયોગની ભાવનાથી જ કરવું જોઈએ. બહાર થતા કાર્યમાં જે વસ્તુ મહત્ત્વની છે તે એ કે કર્મનો પ્રકાર કે કર્મ જાતે જ નહિ પણ જે ભાવપૂર્વક એ કર્મ કરવામાં આવતું હોય છે તે. એ કર્મ ગીતામાં જણાવાયું છે તે મુજબ કામના રહિત અને અનાસક્ત ભાવે થવું જોઈએ. અણગમાના ભાવ વગર થવું જોઈએ. અને જેટલું શક્ય બને એટલું પૂર્ણતાપૂર્વક થવું જોઈએ. કુટુંબને ખાતર, બઢતી માટે કે ઉપરી વર્ગને ખુશ કરવા માટે નહિ; પરંતુ કારણ કે એ કર્મ તમને સોંપવામાં આવ્યું છે, એ કર્મ તમારે ભાગે કરવાનું આવ્યું છે એટલા માટે

એ કરવું જોઈએ. કર્મ છે આંતરિક તાલીમનું ક્ષેત્ર, એનાથી વધુ કંઈ નહિ. સાધકે કર્મમાં ત્રણ વસ્તુઓ શીખવાની હોય છે : સમતા, કામનારહિતતા, સમર્પણભાવ.

(CWSA 29 : 240-241)

*

## પ્રકૃતિની ઉણપોને દૂર કરવી

પ્રકૃતિની ઉણપો એ કર્મ નહિ કરવાનું કારણ છે એમ સ્વીકારી લેવાને બદલે એ ઉણપોને દૂર કરવા માટે કર્મ સાધનાના અંગરૂપ કરવું એ વધુ સારું છે. પ્રકૃતિની ઉણપો તે તમારી પ્રકૃતિનો અપરિવર્તનીય નિયમ છે એમ માની લઈ આ બધી પ્રતિક્રિયાઓનો સ્વીકાર કરી લેવાને બદલે તમારે તમારા મનમાં એમ નક્કી કરી લેવું જોઈએ કે આ બધી પ્રતિક્રિયાઓ થવી ન જોઈએ – શ્રી માતાજીની શક્તિને સહાયાર્થે પુકાર કરવો જોઈએ જેથી એ શક્તિ તમારી પ્રાણ–શક્તિનું શુદ્ધિકરણ કરી દઈ સર્વ પ્રકારની પ્રતિક્રિયાઓને દૂર કરી દે. તમે એવું માનો કે શરીરમાં મુશ્કેલી ઊભી થવી જ જોઈએ, તો સ્વાભાવિક રીતે એ ઊભી થશે જ. એમ માનવાને બદલે તમારા મનમાં એવો વિચાર અને સંકલ્પ દૃઢ કરો કે એ મુશ્કેલી ન જ આવવી જોઈએ તો પછી એ નહિ આવે. અને જો એ આવવાનો પ્રયત્ન કરે તો એનો પરિત્યાગ કરો અને એને તમારામાંથી બહાર ફેંકી દો.

*

સાધક માટે બાહ્ય સંઘર્ષો, મુશ્કેલીઓ, આફતો તે અહંકાર અને રાજસિક કામના ઉપર વિજય પ્રાપ્ત કરી આગળ વધવાનાં તેમ જ સંપૂર્ણ સમર્પણ સિદ્ધ કરવા માટેનાં કરણો માત્ર હોય છે.

*

જ્યાં લગી વ્યક્તિને સફળતાની ખેવના હોય છે ત્યાં લગી ઓછામાં ઓછું અમુક અંશે તેનું કામ અહંકારને માટે થતું હોય છે. પરિસ્થિતિ એ પ્રમાણેની છે તેની ચેતવણી આપવા અને પૂર્ણપણે સમતાની સ્થાપના કરવાને માટે મુશ્કેલીઓ અને બાહ્ય નિષ્ફળતાઓ આવે છે. આનો અર્થ એમ નથી કે વિજય પ્રાપ્ત કરવા માટેની શક્તિ મેળવવાની નથી, પરંતુ હાથ ઉપરના કામમાં સફળતા મળે તેમાં જ બધી અગત્ય સમાઈ જતી નથી. જરૂરી વસ્તુ એ છે કે આપણે એક એવી શક્તિનો વિકાસ કરીએ જેને લઈને આપણે એક વિશાળતર અને વિશાળપણે યોગ્ય દૃષ્ટિ અને આંતર-શક્તિનો પ્રસાર કરી શકીએ અને આ વસ્તુ તદ્દન ઠંડકથી અને ધીરજપૂર્વક, તાત્કાલિક વિજય અથવા નિષ્ફળતાને કારણે જોરમાં આવી ગયા વિના કે ક્ષુબ્ધ થઈ ગયા વિના કરવાની છે.

(CWSA 29 : 241-242)

*

**કર્મમાં સાચું વલણ**

સાચું વલણ એ છે કે શ્રી માતાજીને ભક્તિભાવપૂર્વક અર્પિત થઈ જવું અને તેઓ તમને જે બનાવવા માગતાં હોય એ પ્રમાણે જ બની રહેવાની ઇચ્છા રાખવી. પછીથી તમારી અંદર જે કરવાનું છે તેનો નિર્ણય શ્રી માતાજી પોતે જ લેશે.

*

કર્મનું બાહ્ય સ્વરૂપ કે માત્ર ક્રિયા નહીં પરંતુ એની પાછળ રહેલી ચેતના અને શુભ સંકલ્પ કર્મયોગનો મુખ્ય સાર છે. કર્મ એ તો કર્મના સ્વામી સાથે એકતા સાધવા માટેનું તેમ જ અજ્ઞાનના સંકલ્પ અને શક્તિમાંથી શુદ્ધ સંકલ્પ અને પ્રકાશની શક્તિમાં પહોંચવા માટેનું જરૂરી સાધન માત્ર છે.[૧]

*

કર્મનું ધાર્મિક સ્વરૂપ કે અધાર્મિક સ્વરૂપ એ અગત્યની વસ્તુ નથી. પરંતુ જે આંતરિક વલણથી એ કર્મ કરવામાં આવે છે એ સૌથી અગત્યની બાબત છે. જો વલણ રાજસિક હોય, ચૈતસિક નહિ, તો એમાં માણસ પોતાની જાતને કર્મમાં ગુમાવી બેસે છે અને આંતર સ્પર્શ પામી શકતો નથી. જો વલણ ચૈતસિક હોય તો આંતર સ્પર્શ જળવાઈ રહે છે અને કાર્ય કરતી તેમ જ કાર્યનો જે આધાર છે તે શક્તિનો અનુભવ થતો રહે છે અને આમ સાધનામાં પ્રગતિ સધાતી રહે છે.

*

કર્મની આધ્યાત્મિક અસરકારકતા અલબત્ત આંતરિક વલણ ઉપર આધાર રાખે છે. મહત્ત્વની વાત એ છે કે કર્મ કરવામાં મૂકવામાં આવતા અર્પણભાવ. સાધક જો વધુમાં કર્મમાં શ્રી માતાજીનું સ્મરણ કરી શકે અથવા અમુક એકાગ્રતા દ્વારા એવી લાગણી અનુભવે કે શ્રી માતાજીની સંનિધિ અને શક્તિ કર્મ કરી રહી છે, કર્મને ટકાવી રાખે છે તો એનાથી કર્મની આધ્યાત્મિક અસરકારકતા વધી જતી હોય છે. (CWSA 29 : 241-242)

*

**સમતા–એક ચેતનાવસ્થા**

આ સમતા તે કોઈ માનસિક શાન્તિ, એકલતા કે ઉદાસીનતા નથી, નથી એ પ્રાણની જડ નિશ્ચલતા, આ ગતિ કે પેલી ગતિ, કે પછી ગતિહીનતાને સ્વીકારી લેતી

---

૧ બીજા એક પત્રમાં શ્રી અરવિન્દ સ્પષ્ટતા કરે છે 'મને લાગે છે, મેં એવું નથી કહ્યું કે કર્મ માત્ર તૈયારી રૂપે જ છે... આપણે ફક્ત તૈયારી રૂપે જ જો કર્મને સ્વીકારીએ અને પછી ધ્યાનાવસ્થામાં નિશ્ચેષ્ટ થઈને વૈરાગી જેવા બની રહેવાનું હોય તો તો પછી મારું આખુંય આધ્યાત્મિક દર્શન એક જૂઠાણું જ છે એમ પુરવાર થાય. અને પછી અતિમનસના સાક્ષાત્કારની, કે બીજી કોઈ પણ વસ્તુ–જે કરવામાં આવી નથી–તેની જરૂર પણ રહેતી નથી.

ભૌતિક ચેતનાની નિષ્ક્રિયતા પણ એ નથી; આમાંની કોઈ એક સ્થિતિને રખે કોઈ આ આધ્યાત્મિક અવસ્થા (સમતા) રૂપે સ્વીકારી લેવાની ભૂલ કરી બેસે !

સમતા એટલે જે કંઈ બને એનો નિષ્ક્રિયતાપૂર્વક સ્વીકાર કરી લેવો એવું નથી. દા.ત. સાધનામાં અમુક પ્રયત્નોને કામચલાઉ નિષ્ફળતા સાંપડે તો સાધકે સમતા જાળવવી અને નિરાશ થયા વગર, એ નિષ્ફળતાથી ક્ષુબ્ધ થયા વગર પ્રયત્નો જારી રાખવા જોઈએ. અને એ નિષ્ફળતા તે ઈશ્વરના સંકલ્પનું સૂચક છે એમ માની લઈ પ્રયત્નો કરવાનું છોડી દેવું જોઈએ નહિ. ખરી રીતે તો સાધકે નિષ્ફળતાનાં કારણો શોધી નાખી શ્રદ્ધાપૂર્વક વિજય તરફ આગેકૂચ કરવી જોઈએ. આ જ પ્રમાણે માંદગીની બાબતમાં પણ - તમારે ક્ષુબ્ધ બની જઈ હારી જવાનું નથી અને માંદગીનો ઈશ્વરેચ્છા તરીકે સ્વીકાર પણ કરવાનો નથી, એ માંદગીને તમારે શરીરની અપૂર્ણતા તરીકે ગણવાની છે અને જે રીતે તમે પ્રાણમય કે મનોમય ક્ષતિઓને દૂર કરવા પ્રયત્ન કરો છો એ જ રીતે માંદગીને પણ દૂર કરી દેવા પ્રયત્નો કરવા જ જોઈએ.

*

સમતા એટલે અહંભાવનો લોપ નહિ. સમતા એટલે કામના અને આસક્તિઓનો લોપ. એ અવસ્થાએ અહંભાવ કાં અદશ્ય થઈ જાય કાં તો પછી સૂક્ષ્મ રૂપે કે ઘન સ્વરૂપે હાજર રહી શકે છે – એ બધું વ્યક્તિ ઉપર નિર્ભર કરતું હોય છે. (SABCL : 23 : 665-66)

*

**પ્રભુની સેવા**

સર્વ અહંકારી હેતુઓથી મુક્ત રહેવું, વાણી અને વ્યવહારમાં સત્યનું પાલન કરવું સ્વ-સંકલ્પ અને સ્વા-ગ્રહનો અભાવ હોવો, સર્વ વસ્તુઓમાં સાવધાની વર્તવી, આ છે દોષરહિત સેવક બની રહેવા માટેની શરત.

*

વાચન અને અભ્યાસ મનને તૈયાર કરવામાં ઉપયોગી હોવા છતાં એ જાતે જ યોગમાર્ગમાં પ્રવેશ કરવા માટેનાં શ્રેષ્ઠ સાધનો નથી. અંતરમાંથી થતું આત્મસમર્પણ એ છે સાધન. શ્રી માતાજીની ચેતના સાથે તમારે એકતા કેળવવી જ જોઈએ. મન અને હૃદયમાં તથા સંકલ્પમાં સત્યનિષ્ઠ સ્વ-નિવેદન એ છે સાધન યોગમાર્ગમાં પ્રવેશ કરવા માટેનું. શ્રી માતાજી દ્વારા સોંપવામાં આવેલું કાર્ય એ સ્વ-નિવેદન માટેનું ક્ષેત્ર હંમેશાં ગણવામાં આવે છે. એ કાર્ય શ્રી માતાજીને કરવામાં આવતા અર્પણ રૂપે થવું જોઈએ જેથી સ્વાર્પણ દ્વારા સાધક શ્રી માતાજીની શક્તિ કાર્ય કરી રહી છે એવું અનુભવે અને શ્રી માતાજીની સંનિધિનો અનુભવ કરી શકે. (CWSA 29 : 245-46)

*

અલબત્ત, મોટાપણું અને નાનાપણુંનો વિચાર આધ્યાત્મિક માર્ગ માટે એકદમ

વિદેશીય વિચાર છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મોટું કે નાનું એવું કશું હોતું નથી. આવા વિચારો એવા સાહિત્યિક લોકોના હોય છે, જે એમ માનતા હોય છે કે કવિતાની રચના કરવી એ ઉચ્ચ પ્રકારનું કાર્ય છે અને પગરખાં બનાવવાં કે રસોઈ તૈયાર કરવી એ નાનું અને ક્ષુદ્ર કાર્ય છે. પણ આત્માની દૃષ્ટિએ સર્વ કર્મ એકસમાન છે – અને અંતરમાં રહેલ આત્મભાવ સાથે જે કર્મ કરવામાં આવે માત્ર તે જ મહત્ત્વનું હોય છે. એમાં મોટું કે નાનું કાર્ય એવું કશું હોતું નથી. (CWSA 29 : 246)

*

**બધો આધાર વલણ ઉપર હોય છે**

વેપારધંધાને હું ખરાબ કે દોષિત વસ્તુ તરીકે જોતો નથી, પ્રાચીન ભારતની આધ્યાત્મિકતામાં પણ આ વસ્તુને ખરાબ કે દોષિત માનવામાં આવી નથી. હું જો આ વસ્તુઓને ખરાબ કે દોષિત ગણતો હોત તો ક્ષ પાસેથી તેમ જ મુંબઈમાં વસતા ને પૂર્વ આફ્રિકા સાથે વ્યાપારી સંબંધો ધરાવતા અમારા શિષ્યો પાસેથી પૈસા સ્વીકારી શકત નહિ; તેમજ અમારે એમને એમના એ કાર્યમાં પ્રોત્સાહન આપવાને બદલે એ કાર્યને ફેંકી દઈ ફક્ત આધ્યાત્મિક પ્રગતિના કાર્યમાં લાગી જવાનું કહેવું પડે. વ્યાપારને અમે દોષિત વસ્તુ જ માનતા હોય તો મારે ક્ષને એની મિલ કોઈ શેતાનને સોંપી દઈ કોઈ આશ્રમમાં ધ્યાનમાં બેસી જવાનું ન કહેવું જોઈએ? અરે, મને પોતાને જો વ્યાપાર કરવાને આદેશ આપવામાં આવ્યો હોત (જે રીતે મને રાજકારણમાં ભાગ લેવાનો આદેશ મળ્યો હતો તેમ) તો મેં કોઈ પણ જાતનો આધ્યાત્મિક કે નૈતિક ખેદ પ્રકટ કર્યા સિવાય એમ કર્યું હોત. કાર્ય પાછળની તમારી ભાવના, તમારું ધોરણ અને એનો વિનિયોગ, આ જ વસ્તુઓ પર બધો આધાર રહેલો છે. મેં રાજકારણમાં ભાગ લીધેલો છે અને તેય અતિ હિંસક પ્રકારના ક્રાંતિકારી રાજકારણમાં. घोरम्‌कर्म મેં કરેલું છે. યુદ્ધને મેં ઉત્તેજન આપેલું છે અને લોકોને એમાં પ્રયોજેલા છે. તેમ છતાં રાજકારણ હંમેશા અથવા મોટેભાગે અશુદ્ધ વસ્તુ જ રહેલી છે અને યુદ્ધ એ કાંઈ આધ્યાત્મિક કાર્ય કરવાની રીત પણ નથી જ. પરંતુ શ્રી કૃષ્ણે અર્જુનને અતિ દારુણ યુદ્ધ ચાલુ રાખવાનો અને એ રીતે મનુષ્યોને સર્વ પ્રકારના માનુષી કર્મો (सर्व कर्माणि) કરવા પ્રોત્સાહિત કરવાનો આદેશ આપેલો છે. તો તમે શું એમ કહી શકશો કે શ્રી કૃષ્ણ એ આધ્યાત્મિક વ્યક્તિ ન હતા? અને અર્જુનને એમણે આપેલી શિખામણ ભૂલભરેલી હતી કે સૈદ્ધાંતિક રીતે ખોટી હતી? કૃષ્ણ તો એનાથી પણ આગળ જઈને એમ જાહેર કરે છે કે માણસ જો સાચું વલણ અપનાવીને સાચી ભાવના સહિત તેની પોતાની મૂળભૂત પ્રકૃતિ, તેનો સ્વભાવ અને ક્ષમતાથી દોરવાઈને પોતાના અને પોતાની પ્રકૃતિના ધર્મ પ્રમાણે કાર્ય કરે તો તે પ્રભુની સમીપ જઈ શકે છે. તેઓ બ્રાહ્મણ અને ક્ષત્રિયની માફક વૈશ્યના ધર્મ અને કર્મને પણ બહાલી આપે છે. અને આ રીતે જોતાં વ્યકિતને માટે વ્યાપાર કરવો, નફો કમાવવો, પૈસા પ્રાપ્ત કરવા અને તેમ છતાં એક આધ્યાત્મિક વ્યક્તિતા બની રહેવુ, યોગસાધના કરવી અને આંતર જીવન જીવવું એ

તદ્દન શક્ય છે. ગીતા સતત રીતે કર્મને આધ્યાત્મિક મુક્તિ માટેના સાધન તરીકે સમર્થન આપે છે તથા કર્મ, ભક્તિ અને જ્ઞાનયોગનો આદેશ પણ એ આપે છે. સાથે સાથે કૃષ્ણ એક ઉચ્ચતર નિયમને પણ એની ઉપર સ્થાપિત કરે છે અને તે એ કે કર્મ કોઈ પણ જાતની સ્પૃહા સિવાય થવાં જોઈએ, કર્મના ફળ કે બદલાની ભાવના કે એને માટેની આસક્તિ ન હોવી જોઈએ અને અહંપ્રેરિત કોઈ હેતુ પણ ન હોવો જોઈએ. સર્વ કર્મ ઈશ્વરને થતાં અર્પણ રૂપે અને યજ્ઞ રૂપે થવાં જોઈએ. આ વસ્તુઓ પરત્વેનું પરંપરાગત ભારતીય વલણ આ જ પ્રકારનું રહેલું છે કે સ્વધર્મને અનુરૂપ તેમ જ સાચી ભાવનાપૂર્વક કરાતા સર્વ કર્મ કરી શકાય છે અને એ કર્મ ઈશ્વરપ્રાપ્તિમાં, આધ્યાત્મિક જ્ઞાનની ખોજમાં કે આધ્યાત્મિક જીવન જીવવામાં બાધા રૂપ થતાં નથી.

*

**આધ્યાત્મિક પરિપૂર્ણતાનું સાધન**

અલબત્ત, વૈરાગ્યને લગતો પણ એક અભિપ્રાય છે અને ઘણાને માટે એ જરૂરી હોય છે પણ ખરો. તેમ જ આધ્યાત્મિકતામાં એનું પણ સ્થાન છે જ. હું પોતે પણ એમ જણાવું છું કે જો કોઈ વ્યક્તિ વૈરાગ્યપૂર્ણ જીવન ન જ જીવી શકે અથવા તો બાવાના જેવું વિરક્ત જીવન ન જીવી શકે એમ હોય તો તે આધ્યાત્મિક રીતે પૂર્ણ બની શકે નહિ. એ તો સ્પષ્ટ જ છે કે ધન માટેની તેમ જ પૈસા કમાવવાની લાલસા અને ખોરાક માટેની ક્ષુધા કે બીજી કોઈ પણ વસ્તુ માટેની તૃષ્ણા કે આસક્તિઓને આવી વ્યક્તિની ચેતનામાંથી દેશવટો મળવો જ જોઈએ. પરંતુ, વૈરાગી જીવન એ જ આધ્યાત્મિક જીવન છે અથવા તો આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે વૈરાગી જીવન અનિવાર્ય છે એવું હું ગણતો નથી. ઈશ્વર પ્રત્યેના સમર્પણનો, આધ્યાત્મિક આત્મસંયમ અને આત્મસમર્પણનો એક માર્ગ છે જેમાં સર્વ કર્મ અહંભાવ અને ઇચ્છાઓનો પરિત્યાગ કરીને કરવાનાં હોય છે અને એમાં કોઈ પણ પ્રકારના કર્મ - ઈશ્વર આપણને આદેશ આપે એવા સર્વ કર્મોનો સ્વીકાર કરવામાં આવે છે. આ માર્ગ ન હોત તો ભારતવર્ષમાં જનક અને વિદૂર જેવી મહાન આધ્યાત્મિક વિભૂતિઓનો પ્રાદુર્ભાવ જ ન થયો હોત... અરે ! એમ જો ન હોત તો કૃષ્ણ પણ આવ્યા ન હોત.... (CWSA : 29 : 248-49)

*

**કાર્ય કરતી વખતે પ્રભુનું સ્મરણ :**

કાર્ય કરતી વખતે શરૂમાં તમે હંમેશને માટે ઈશ્વરનું સ્મરણ રાખી શકતા ન હો તો એમાં બહુ વાંધા જેવું કંઈ છે નહિ.

કાર્યની શરૂઆતમાં ઈશ્વરનું સ્મરણ કરો તેમ જ તમારા કાર્યને સમર્પિત કરો અને કાર્યના અંતમાં ઈશ્વરનો આભાર માનો, અત્યારે તમારે માટે આટલું પૂરતું છે. વધુમાં કાર્ય જ્યારે વચ્ચે થંભી જાય ત્યારે સ્મરણ કરતા રહેવું. પરંતુ તમારી જે પદ્ધતિ છે તે મને અઘરી અને ત્રાસદાયક લાગે છે – તમારા મનના એક જ ભાગ વડે તમે કાર્ય કરવાનો

અને સ્મરણ કરવાનો પ્રયત્ન કરતા હો એવું જણાય છે. એ શક્ય છે કે નહિ તે હું કહી શકતો નથી. લોકો જ્યારે કાર્ય દરમ્યાન પણ સતત સ્મરણ કરતા હોય છે (એ શક્ય છે) ત્યારે સામાન્ય રીતે તેઓ તેમના મનની પાર્શ્વભૂમિકામાંથી એમ કરતા હોય છે. અથવા તો પછી ધીરે ધીરે તેમનામાં બેવડા વિચારની ક્રિયા કે બેવડી ચેતના સ્થાપિત થતી હોય છે – એમાંની એક, બાહ્ય ચેતના જે આગળ રહીને કાર્યમાં રત રહે છે અને બીજી, આંતર ચેતના જે દ્રષ્ટા બનીને સ્મરણ કરતી રહે છે. એક બીજી રીત પણ છે અને મેં પોતે એ રીત લાંબા સમય સુધી અપનાવી હતી – એક એવી અવસ્થા જેમાં કાર્ય આપોઆપ થતું રહે છે, વ્યક્તિગત વિચાર કે મનોમય ક્રિયા એમાં ભાગ લેતી નથી. અને ચેતના શાંત થઈને ઈશ્વરમાં સ્થાપિત થઈ જાય છે. જો કે આ અવસ્થા પ્રયત્નો  કરવાથી પ્રાપ્ત નથી થતી પરંતુ એક સરળ અને સતત અભીપ્સા તેમ જ આત્મ સમર્પણના સંકલ્પ વડે પ્રાપ્ત થતી હોય છે. અથવા તો બાહ્ય સાધનથી આંતર સત્તાને ચેતનાની ગતિ દ્વારા અલગ કરીને પણ આ અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે. અભીપ્સા અને આત્મસમર્પણના સંકલ્પથી એક મહત્તર શક્તિને કાર્ય કરવા માટે નીચે ઊતારી લાવવાની પદ્ધતિ ખૂબ જ મહાન પરિણામો મેળવી આપે છે. ઘણા લોકોમાં એમ થવામાં જો કે ઘણો લાંબો સમય જાય છે. સાધનાનું પરમ રહસ્ય એ છે કે મનના પ્રયત્નો દ્વારા બધું કરવાને બદલે ભીતર તેમ જ ઊર્ધ્વમાં રહેલી શક્તિ દ્વારા બધું કેવી રીતે કરાવી શકાય છે એ જાણી લેવું. આનો અર્થ હું એમ નથી કરતો કે મનના પ્રયત્નો બિનજરૂરી છે અથવા એ પ્રયત્નોનું કંઈ જ પરિણામ આવતું નથી – હું જે  કહેવા માગું છું તે એ જ કે મન બધું જ જો એની શક્તિ દ્વારા કરવા જાય તો એ એક કષ્ટદાયક પ્રયત્ન થઈ પડે છે. આમાં આધ્યાત્મિક વીરોને અપવાદ ગણી શકાય. જો કે બીજી પદ્ધતિ જ ઇચ્છવા જોગ છે તેમ જ એ સરળ છે એમ પણ હું કહેવા નથી માગતો. મેં અગાઉ જેમ જણાવ્યું તેમ પરિણામ પ્રાપ્ત થવામાં લાંબો સમય લાગી પણ જાય. ધીરજ અને મક્કમ નિર્ધાર સાધનાની દરેક પદ્ધતિમાં જરૂરી છે. (SABCL 23 : 535)

*

**ઈશ્વરીય શક્તિ ગ્રહણ કરવી**

ઈશ્વરની શક્તિ ગ્રહણ કરીને બાહ્ય જીવનના ક્ષેત્રમાં એ શક્તિને પોતાના દ્વારા કાર્ય કરવા દેવા માટે ત્રણ આવશ્યક ગુણો હોવા જરૂરી છે.

(૧) સ્વસ્થતા, સમતા - ગમે તે બનાવ બને એની અસર ન થવી જોઈએ, મનને સ્થિર અને મક્કમ રાખવું. જે શક્તિઓના ખેલને જોઈ શકે પરંતુ પોતે તો શાંત જ રહે.

(૨) સંપૂર્ણ શ્રદ્ધા–એવી શ્રદ્ધા કે મારે માટે જે શ્રેષ્ઠ હશે તે જ બનશે, – ઈશ્વરના પ્રકાશથી પ્રકાશિત સંકલ્પ જે વસ્તુને જરૂરી માને–કર્તવ્યમ્ કર્મ–તે જ ફળ પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા; પણ એ ત્યારે જ જ્યારે વ્યક્તિ પોતે પોતાની જાતને સાચું કરણ બનાવી શકે.

(૩) ગ્રહણશીલતા—ઈશ્વરની શક્તિને ગ્રહણ કરવાનું બળ. તેમ જ એ શક્તિની હાજરી અનુભવવી અને એમાં શ્રી માતાજીની સંનિધિનો પણ અનુભવ કરવો. આપણી દૃષ્ટિ, સંકલ્પ અને કાર્યોને દોરવણી આપી એ શક્તિ જ આપણા દ્વારા કાર્ય કરે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. જો આ શક્તિ અને હાજરીને અનુભવી શકાય તેમ જ આ શક્તિ પ્રત્યેની નમનીયતા—દિવ્ય શક્તિ પ્રત્યેની, બીજી કોઈ શક્તિ પ્રત્યેની નહિ—કાર્યમાં ચેતનાની ટેવ તરીકે સ્થાપિત થઈ જાય તો છેવટનું પરિણામ નિશ્ચિત જ છે. (CWSA 29 : 266)

*

**કર્મ વિશે વિચારવું**

તમારા કાર્ય વિશે માત્ર ત્યારે જ વિચાર કરો જ્યારે એ કાર્ય થઈ રહ્યું હોય. તે પહેલાં નહિ અને પછી પણ નહિ.

જે કાર્ય પરિપૂર્ણ થઈ ગયું હોય એના પર તમારા મનને પાછું ફરવા દેશો નહિ. એ પછી ભૂતકાળ બની જાય છે અને એને પુનઃ વાગોળ્યા કરવું એ છે શક્તિનો વ્યય.

જે કાર્ય ભવિષ્યમાં કરવાનું છે તેની ધારણામાં તમારા મનને શ્રમિત થવા દેશો નહિ. તમારી અંદર કાર્ય કરતી શક્તિ એના સમયે એ કાર્યને નિપટાવી લેશે.

(CWSA 29 : 287)

*

**ભૌતિક વસ્તુઓની કાળજી**

ભૌતિક વસ્તુઓનો તિરસ્કાર કરવાનો નથી – એ વસ્તુઓ સિવાય ભૌતિક વિશ્વમાં કોઈ આવિર્ભાવ થઈ શકે નહિ.

*

ભૌતિક વસ્તુઓનું પોતાનું મૂલ્ય અને આયુષ્ય હોય છે. અને એનો આધાર એ વસ્તુઓની કિંમત ઉપર નથી હોતો. ભૌતિક વસ્તુઓનું માન જાળવવું અને એમનો કાળજીપૂર્વકનો તથા સાવધાનીપૂર્વક ઉપયોગ કરવો એ યોગનું અંગ છે. કારણ એ વસ્તુઓના કાળજીપૂર્વકના ઉપયોગ વગર પદાર્થતત્વ ઉપર સ્વામીત્વ સ્થાપી શકાય નહિ.

*

સાધનાના અંગરૂપ કોઈ પણ પ્રવૃત્તિ થઈ શકે, જો તે ઈશ્વરને અર્પણ કરવામાં આવે અને એ કાર્ય ઈશ્વરીય શક્તિ દ્વારા થઈ રહ્યું છે એ ચેતના અને શ્રદ્ધા સહિત એ કરવામાં આવે તો. આ છે મહત્ત્વની વાત. **શ્રી અરવિન્દ**

*

# ઈશ્વરના કાર્યમાં અવરોધો

**માનવજાતિની સેવાનો વિચાર**

માનવજાતિની સેવા કરવાનો વિચાર એ મહત્ત્વાકાંક્ષાનું એક સૌથી વધારે પ્રચલિત સ્વરૂપ છે. એવી સેવાની કે એની પ્રવૃત્તિ ઉપરની આસક્તિ એ અંગત મહત્ત્વાકાંક્ષાની નિશાની છે. માનવજાતિને કોઈ મહાન સત્યનો બોધ કરવાનો છે એવું જે ગુરુ માને છે તથા જેને ઘણા શિષ્યો જોઈએ છે અને શિષ્યો ચાલ્યા જાય ત્યારે જેને અસંતોષ થાય છે, યા તો જે કોઈ પણ નવા આવનારને ઝડપીને શિષ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે તે ગુરુ ખુલ્લી રીતે પોતાની મહત્ત્વાકાંક્ષાનો ગુલામ છે. ભગવાનના આદેશને અનુસરવાને તમે તૈયાર હો તો જે કાર્ય તમારા હાથમાં આપવામાં આવે – મહાન અને મુશ્કેલીભરેલું કાર્ય પણ – તે ઉપાડી લેવાની તૈયારી તમારામાં હોવી જોઈએ અને જેટલી શાંતિપૂર્વક તેને હાથમાં લીધું તેટલી જ શાંતિપૂર્વક બીજે દિવસે તેને છોડી દેવાની તત્પરતા પણ હોવી જોઈએ અને છતાં જવાબદારી તમારી છે એવું ભાન ન થવું જોઈએ. કોઈ પદાર્થ ઉપર યા તો જીવનની કોઈ પણ રીતિ ઉપર કોઈ પણ પ્રકારની આસક્તિ હોવી ન જોઈએ, તમારે સંપૂર્ણપણે મુક્ત થઈ જવું જોઈએ, જો તમારે સાચું યૌગિક વલણ ધારણ કરવું હોય તો ભગવાન તરફથી જે કાંઈ આવે તેનો સ્વીકાર કરવાને અને સહેલાઈથી, બિલકુલ વિરોધ કે દિલગીરી વગર તેને જતું કરવાને તૈયાર રહેવું જોઈએ. 'મારે કાંઈ પણ જોઈતું નથી', એમ કહેનાર ત્યાગી અને 'મારે આ વસ્તુ જોઈએ છે', એમ કહેનાર સંસારી એ બંનેનું વલણ સરખું છે. સંસારીને તેની માલિકીની વસ્તુ પ્રત્યે જેટલી આસક્તિ હોય તેટલી જ આસક્તિ ત્યાગીને તેની ત્યાગવૃત્તિ પ્રત્યે પણ હોઈ શકે.

ભગવાન તરફથી આવે તે સર્વે, અને તેટલી જ વસ્તુઓનો તમારે સ્વીકાર કરવાનો છે. કારણ કે છૂપી કામનાઓને લીધે પણ વસ્તુઓ તમારામાં આવી શકે છે. કામનાઓ તમારી અચેતનામાં કાર્ય કરતી હોય છે અને તમારી આગળ પદાર્થો લાવે છે જેનું મૂળ તમે ઓળખી શકો નહિ એમ પણ બને. તોપણ તેઓ ભગવાન તરફથી નહિ પરંતુ તમારી ઇચ્છાઓ તરફથી જ વેશ બદલીને આવતી હોય છે.

ભગવાન તરફથી આવતી વસ્તુને તમે સહેલાઈથી પારખી શકો છો. તે વસ્તુ આવતાં તમે મુક્ત છો. એવી લાગણી તમને થાય છે. તમે આરામ અનુભવો છો, શાંતિ અનુભવો છો. પરંતુ કોઈ પદાર્થ તમારી પાસે આવે અને તમે તેની ઉપર કૂદી પડો અને બોલી ઊઠો, 'આહ ! આખરે મને મળી ખરી,' તો તમારે ખાતરીથી જાણવું કે તે ભગવાન તરફથી આવતી નથી. અંતરાત્માની સમતા એ ભગવાન સાથેની એકતાની અને આપલેની આવશ્યક શરત છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૧-૧૨)

**મહત્ત્વાકાંક્ષા : પતનનું કારણ**

મહત્ત્વાકાંક્ષા એ ઘણા ઘણા યોગીઓના પતનનું કારણ થયેલી છે. એ એષણાનો કીડો ઘણા લાંબા સમય સુધી ગુપ્ત રહી શકે છે. સાધકો આધ્યાત્મિક જીવનની યાત્રાની શરૂઆતમાં તેના વિશે તદ્દન અજાણ હોય છે, પરંતુ કેટલીક શક્તિઓ — સિદ્ધિઓ — આવે છે કે તરત જ તેમનામાં મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠે છે અને શરૂઆતમાં જ તેને નિર્મૂળ કરવામાં આવેલી હોતી નથી તે કારણે તે ઓર જુસ્સાભેર ધસારો કરે છે.

એક યોગીની વાત છે કે તેણે આશ્ચર્ય પમાડે એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એક વાર તેના એક શિષ્યે મોટી ઉજાણી કરીને તેને ભોજન આપ્યું. એક નીચા લાંબા ટેબલ ઉપર ખાવાનું પીરસવામાં આવ્યું હતું. કોઈક રીતે પોતાની શક્તિનો પરચો બતાવવા માટે શિષ્યોએ ગુરુ પાસે માગણી કરી. ગુરુને ખબર હતી કે, 'મારે આ પ્રમાણે કરવું ન જોઈએ.' પરંતુ મહત્ત્વાકાંક્ષાનું બીજ તેની ચેતનામાંથી નિર્મૂળ થયું ન હતું. એટલે તેણે વિચાર કર્યો કે, 'આખરે એવો પ્રયોગ બતાવવો એ તદ્દન નિર્દોષ બાબત છે. આવી આવી બાબતો શકય છે એમ શિષ્યોને ખાતરી પણ થશે અને ભગવાનનો મહિમા તેમને સમજાશે.' એટલે તેણે કહ્યું, 'આ ટેબલને ખસેડી લો. તેની ઉપરનું કપડું તથા તેની ઉપરની વસ્તુઓ વગેરે જેમનું તેમ રહેવા દેજો.' શિષ્યો બોલી ઊઠ્યા, 'અરે, એ તો અશક્ય છે. બધું જ નીચે પડશે !' પરંતુ ગુરુએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને શિષ્યોએ કપડાની નીચેથી મેજને ખસેડી લીધું. કેવો ચમત્કાર ! કપડું અને તેની ઉપર જે જે મૂકેલું હતું તે સઘળું જાણે ટેબલ ઉપર હોય તે પ્રમાણે જ રહ્યું ! પરંતુ ગુરુ ઓચિંતો એ મંડળીની બહાર કૂદીને નાઠો અને બૂમ પાડી ઊઠ્યો કે, 'હવેથી કોઈ દિવસ હું શિષ્ય નહિ કરું, કદી નહિ. અરે, હું અભાગી ! મેં ભગવાનનો દ્રોહ કર્યો.' તેના હૃદયમાં આગ લાગી હતી. તેણે અંગત હેતુ સાધવાને ભગવાનની શક્તિનો ઉપયોગ કર્યો હતો.

દેખાવ માટે આધ્યાત્મિક શક્તિનો પ્રયોગ કરવો એ હમેશાં ખોટું છે. એનો અર્થ એમ નથી થતો કે તે શક્તિઓનો કશો ઉપયોગ છે જ નહિ. પરંતુ જે માર્ગે તે શક્તિઓ આવે છે તે જ માર્ગે તેમનો ઉપયોગ કરવો જોઈએ. ભગવાન સાથે એકતા કરવાથી તેઓ આવે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઇચ્છા સફળ કરવામાં થવો જોઈએ, વધારે કે ઓછી ગુપ્ત મિથ્યાભિમાનની લાગણીને પોષવા માટે નહિ. ઉદાહરણ તરીકે, તમારામાં અંધને દેખતો કરવાની શક્તિ છે એમ ધારો અને રસ્તે જતો કોઈ અંધ તમારા જોવામાં આવે છે. હવે જો તેને દેખતો કરવાની ભગવાનની મરજી હશે તો ફક્ત 'દેખતો થઈ જા,' એમ તમે કહેશો કે તે દેખતો થઈ જશે; પરંતુ તમારે તેનો રોગ મટાડવો છે એવી તમારી પોતાની ઇચ્છાને પૂરી કરવા માટે, કે તમે રોગ મટાડી જાણો છો એવો દેખાવ કરવા માટે તમે તેને દેખતો કરવાની ઇચ્છા કરો તો તમારી મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે તમે તે શક્તિનો ઉપયોગ કરો છો એમ કહેવાય. એવો પ્રયોગ કરતાં તમે ઘણુંખરું એ શક્તિ ગુમાવો એ સંભવિત છે. એટલું જ નહિ, પણ ઘણી વખત જે માણસનો વ્યાધિ તમે મટાડો છો તે માણસમાં તમે ભારે ક્ષોભ ઉત્પન્ન કરી મૂકો એવું પણ બને. અને છતાં બહારથી જોતાં

એ બન્ને રીતે એકસરખી દેખાય છે. પરંતુ એકમાં તમે ભગવાનની તપઃશક્તિથી પ્રેરાઓ છો અને બીજામાં કોઈ અંગત હેતુને લીધે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૯-૧૦)

*

**જરૂરિયાત અને કામના**

આપણામાં રહેલું પ્રાણતત્ત્વ એ શીઘ્રવૃત્તિઓ અને કામનાઓનું કેન્દ્ર છે. ઉત્સાહ અને ઉગ્રતા, ક્રિયાત્મક શક્તિ અને તીવ્ર વિષાદ, ઉગ્ર વાસનાઓ અને બંડખોર વૃત્તિઓ એ બધું એમાં આવી રહેલું છે. એ પ્રાણતત્ત્વ હરેક ચીજને ગતિમાન કરી શકે છે. તે વસ્તુઓ સિદ્ધ કરી શકે છે અને તે હરેક ચીજનો નાશ પણ કરી શકે છે, હરેક ચીજને બગાડી પણ શકે છે. માણસમાં રહેલા આ તત્ત્વને તાલીમ આપવી એ એક ઘણું જ અઘરામાં અઘરું કામ છે. એ એક લાંબી સાધના છે અને ખૂબ જ ધીરજ માગી લે છે. તે માટે માણસમાં સોએ સો ટકા સત્યનિષ્ઠાની જરૂર રહે છે. આવી સત્યનિષ્ઠા નહિ હોય તો સાધક પહેલે પગથિયે જ પોતાની જાતને છેતરી બેસશે, અને પ્રગતિ માટેની સારીયે મહેનત કમ નીવડશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃ. ૦૬)

*

સાચી જરૂરિયાત અને કામના એ બે વચ્ચેની સીમારેખા પારખવી અતિ કઠિન છે (અલબત્ત, યૌગિક આદર્શ તો એવો છે કે કોઈ પણ વખત કશાની પણ જરૂર ન હોવી જોઈએ અને તેથી જ કશાની કામના પણ ન હોવી જોઈએ, એ છે), પરંતુ આ તો જેઓ પોતાને જાણવા અને પોતાના ઉપર સંયમ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેવા સર્વ શુભ કામનાવાળા માણસો માટે લખાયેલું છે. અને ત્યાં પછી આપણી સમક્ષ એક એવી સમસ્યા ઊભી થાય છે કે જે ખૂબ જ અદ્ભુત રીતની સત્યનિષ્ઠા માગી લે છે. કેમ કે, જીવનમાં તો, પ્રાણનો પ્રથમ ઉદય કામના રૂપે જ થાય છે, – અને એમ છતાં, જીવનમાં અમુક વસ્તુઓની જરૂર તો રહે જ છે. તો એ વસ્તુઓ, કામનાને વચ્ચે લાવ્યા વિના, જરૂરની છે એ કેવી રીતે સમજવું ? એ માટે વ્યક્તિએ ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાનું રહે છે. જો આ વસ્તુ અંગે તમારામાં કશુંક નાનું એવું પણ તીવ્ર આંદોલન જાગે તો તમારે ખાતરી રાખવી કે એમાં કામના રહેલી હશે. દાખલા તરીકે, તમે એમ કહો છો કે, 'મારે માટે આ ખોરાકની જરૂર છે' – અમુક અમુક વસ્તુની તમારે જરૂર છે એમ તમે માનો છો, કલ્પના કરો છો, વિચારો છો; એ વસ્તુને પ્રાપ્ત કરવા તમે જરૂરી પગલાં લો છો. હવે તમારે જો જાણવું હોય કે એ વસ્તુ ખરેખર એક જરૂરિયાત છે કે કામના છે તો તમારે તમારી જાતનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ અને પૂછવું જોઈએ કે, 'એ વસ્તુ મને ના મળે તો શું થાય?' અને જો પછી તમને તમારામાંથી તરત જ ઉત્તર મળે કે 'અરે, તો તો બહુ જ ખોટું થાય' તો તમારે ખાતરી રાખવી કે એ વસ્તુ કામની છે. આ વસ્તુ બધી બાબતોને લાગુ પડે છે. એટલે જ્યારે જ્યારે તમારી સમક્ષ આ રીતનો પ્રશ્ન ઊભો થાય ત્યારે તમે એમાંથી પાછા હઠી જઈને તમારી જાતનું અવલોકન કરો અને તપાસ કરો કે, 'જોઈએ, મને એ મળે એમ છે ખરી? અને જો તે વખતે તમારામાં કોઈક વસ્તુ રાજી

રાજી થઈને કૂદાકૂદ કરી મૂકે તો જરૂરથી જાણજો કે એ વસ્તુ કામનાની છે. આથી ઊલટું, તમને એવો જવાબ મળે કે, 'અરે ! એ મને મળવાનું નથી.' અને તમને ખૂબ જ વિષાદની લાગણી થાય. તો એ સ્થિતિમાં પણ, એક કામના રહેલી હશે.

તમારો પ્રાણ તમને છેતરી ન જાય તેટલા માટે, તમે ખૂબ જ સાવધ રહો, એટલું જ પૂરતું નથી, તમારી સત્યનિષ્ઠા પણ લગભગ અલૌકિક હોવી જોઈએ – હું 'અલૌકિક' શબ્દ વાપરું છું તે કાંઈ તમને નિરુત્સાહ કરવા માટે નથી; ઊલટું તમારામાં સત્યનિષ્ઠા માટે વધારે મહાન અભીપ્સા જાગ્રત થાય એટલા માટે હું એમ કહું છું.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૫૯-૬૦)

*

**રાગદ્વેષો હોવા**

**બાળક :** આપણા રાગદ્વેષોને આપણે નિષ્ક્રિય કરી દેવા જોઈએ કે ભૂલી જવા જોઈએ ?

**શ્રી માતાજી :** તમારે એમને રાખવાના જ નથી !

મન જ્યારે નીરવ થઈ જાય છે, એ જ્યારે ચુકાદા આપવાનું બંધ કરે છે, પોતાના કહેવાતા જ્ઞાનને લઈને તે આગળ ધસી આવતું નથી. ત્યારે પછી તમારામાં જીવનનો પ્રશ્ન ઉકેલવાની શક્તિ આવવા લાગે છે. તમારે કોઈ પણ વસ્તુ વિશે નિર્ણય બાંધવો ન જોઈએ, કેમકે મન એ તો માત્ર કર્મ માટેનું કરણ છે, એ કાંઈ સાચી રીતની જ્ઞાનપ્રાપ્તિ માટેનું કરણ નથી – સાચું જ્ઞાન તો બીજે ક્યાંકથી આવતું હોય છે.

એટલે જો તમે નિર્ણયો બાંધવાનું બંધ કરશો તો સત્યનું તમને વધુને વધુ ચોક્કસ જ્ઞાન થવા લાગશે અને જગતના દુઃખનો નવદશાંશ ભાગ અદશ્ય થઈ જશે.

મન જો એટલી વસ્તુ પણ સ્વીકારી શકે કે પોતે કાંઈ જાણતું નથી તો જગતમાં જે મહાન ગોટાળો ચાલી રહ્યો છે તેમાંથી મોટો ભાગ શાંત થઈ જશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૪)

*

**પ્રશંસા માટેની પ્રાણની માગણી**

પ્રાણની એક સૌથી સામાન્ય માગણી પ્રશંસાની છે. તેની ટીકા થાય અને જાણે કે તેનું કંઈ જ મહત્ત્વ નથી એમ તેના પ્રત્યે વર્તાવ થાય, તેને તે ધિક્કારે છે. પરંતુ તેણે ધૂત્કારની સામે તૈયાર રહેવું જોઈએ, ખૂબ શાંતિથી વેઠી લેવું પડશે. તેથી ઊલટું, શાબાશી પ્રત્યે એણે ધ્યાન આપવું ન જોઈએ; તેણે ભૂલવું ન જોઈએ કે આત્મસંતોષની પ્રત્યેક ક્ષણ જૂઠાણાના સ્વામીઓની વેદી પર અર્પણ થયેલી આહુતિ છે. જેની સાથે આપણો પ્રાણ સંકળાયેલો છે, એવાં જીવનશક્તિની અદષ્ટ દુનિયાનાં સત્ત્વો, તેમના ભક્તોની ઉપર તાગડધિન્ના કરે છે; અને તેથી કરીને તે બધાં નવા સંપ્રદાયો અને પંથોને હંમેશાં અનુપ્રાણિત કરે છે, જેથી કરીને તેમની મિજબાનીઓ અને ચાપલૂસીનો અંત ન આવે. એ જ રીતે તમારું પોતાનું પ્રાણસત્ત્વ અને તેની પાછળ રહેલી પ્રાણની શક્તિઓ બીજાઓએ આપેલી ખુશામતને પચાવીને ફૂલેફાલે છે, અર્થાત્ તેમના અજ્ઞાનને ચરબી

ચઢાવે છે. પણ તમારે યાદ રાખવું જોઈએ કે તમારી માફકના અજ્ઞાનના સમાન સ્તર પરથી જેઓ શાબાશી આપે છે તેનું કશું જ મૂલ્ય હોતું નથી; એ બધાં પેલી ટીકાઓના જેટલાં જ નકામાં છે. પછી ભલેને એ બધું ગમે તે દંભી મૂળમાંથી પ્રગટતું હોય, આખરે એ નિરર્થક છે, પોલું છે. તેમ છતાં, દુર્ભાગ્યે, પ્રાણ અત્યંત સડી ગયેલા ખોરાકને માટે પણ ઝંખે છે અને તે એટલો લોભી બની જાય છે કે સાક્ષાત્ બિન-અધિકારીની પ્રશંસાને સ્વીકારતો થઈ જાય છે. પૅરિસમાં એક વાર કલાપ્રદર્શનનો વાર્ષિક સમારંભ થયેલો તે મને યાદ આવે છે. પ્રજાતંત્રના પ્રમુખ ચિત્રોનું નિરીક્ષણ કરવા આવે છે, બહુ આલંકારિક ભાષામાં એકને પ્રાકૃતિક દશ્ય અને અન્યને છબિચિત્ર તરીકે ઓળખાવે છે; ચિત્રકળાના ખૂબ ઊંડાણવાળા અત્યંત નિકટના જ્ઞાનના દમામથી પિષ્ટપેષણયુક્ત વિવરણ કરે છે. ચિત્રકારો બરાબર જાણે છે કે તેમનું વિવરણ કેટલું અસંગત છે; અને તેમ છતાં તેમની પ્રતિભાના પ્રમાણ તરીકે એ પ્રમુખનો ઉલ્લેખ કરવાની એક પણ તક તેઓ જતી કરતા નથી ! અને માનવજાતિમાં રહેલો પ્રાણ ખરેખર આવો છે, – યશનો ભૂખડ લિપ્સુ !

અને આમ છતાંય યથાર્થ મૂલ્યવાન છે સત્યનો અભિપ્રાય. જ્યારે કોઈ એક વ્યક્તિ દિવ્ય સત્યના સંપર્કમાં હોય અને તે તેને અભિવ્યક્ત કરે, ત્યારે જે અભિપ્રાયો આપે એ માત્ર અભિનંદન કે વિવેચનના હોતા નથી, પણ દિવ્ય તમારે વિશે શું ધારે છે તે હોય છે, – તમારી ગુણવત્તાનું જે તે મૂલ્યાંકન, તમારા પ્રયાસો પર એક અમોઘ મહોર. સત્યના શબ્દ વગર કોઈ પણ વાતને તમારે આદરપાત્ર ન ગણવી જોઈએ; અને આમ તમારા ધોરણને ઊંચું રાખવા તમારામાં બળતા અગ્નિને ચેતતો રાખવો જોઈએ, એ અગ્નિ કે જે રૂપાંતર માટેની આત્માની જવાળા છે. એ નોંધપાત્ર છે કે જ્યારે અગ્નિ ભભૂકી ઊઠે છે ત્યારે તમને પહેલાં જે સસ્તી પ્રશંસા સંતુષ્ટ કરતી હતી તે તરફ તમને તરત જ નફરત થાય છે, અને પછી સ્પષ્ટ સમજાય છે કે પ્રશંસા પ્રત્યેનો તમારો પ્રેમ અપરિણત પ્રકૃતિની એક નિમ્નગામી હિલચાલ હતી. તમારી સમક્ષ શક્ય સુધારણાનો કેવો વિશાળ પ્રદેશ વિસ્તરેલો છે તે તરફ અગ્નિ તમારી દૃષ્ટિને દોરે છે, તમારામાં હાલ પૂરતી કેટલી ન્યૂનતા છે તેનું એક તીવ્ર સંવેદન તમારામાં ચેતવે છે. બીજાઓ તમારા પર જે શ્લાઘા છૂટથી કરતા એ તમને એવો કંટાળો આપે છે કે જેમને તમે એક વાર મિત્ર તરીકે માન્યા હતાતે હવે લગભગ કડવા લાગે છે; અને એથી ઊલટું બધી પ્રકારનું વિવેચન સત્ય તરફની તમારી નમ્ર અભીપ્સાના આવકારપાત્ર બળતણ તરીકે આવે છે. બીજાઓના વિરોધોથી હવે તમે તેને અવસન્ન થતા નથી, અપમાનિત થતા નથી. કંઈ નહિ તો સહેલાઈથી તમે તેને અવગણવા શક્તિમાન થાઓ છો; સૌથી વધુ તો એ છે કે તમારી વર્તમાન અપરિપક્વ દશાના એક વધુ પ્રમાણ તરીકે તેની કદર કરી શકો છો. દિવ્યને શરણે જવાથી તમારી જાતને ઓળંગી જઈ શકો છો એ પ્રકારની તમારામાં ઉત્તેજના જાગે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૫૧-૧૫૨)

*

# કર્મનો આનંદ

**૨૩ ઓક્ટોબર ૧૯૩૭**

(પ્રભુની સેવામાં રહેવા ઇચ્છનાર માટે એક પ્રાર્થના)

હે વિઘ્નમાત્રના વિજેતા, તારો જય હો, પ્રભુ !

આ અમારી પ્રાર્થના છે :

અમારી અંદર કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.

તારા આવિર્ભાવમાં કશું પણ વિલંબરૂપ ન બનો.

સર્વ પદાર્થોમાં પ્રત્યેક પળે તારી ઇચ્છા પૂર્ણ બનો.

તારી સમક્ષ અમે આવ્યાં છીએ એટલા માટે કે તારી ઇચ્છા અમારામાં સિદ્ધ થાય, અમારા એકેએક તત્ત્વમાં, અમારી એકેએક પ્રવૃત્તિમાં, અમારી ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરોથી માંડી અમારા શરીરના નાનામાં નાના અણુ સુધી.

અમારી નિષ્ઠા કેવળ તારામાં જ રહો, સંપૂર્ણ અને સદાયને માટે.

અમારે ઝીલવી છે કેવળ તારી જ છાયા, બીજા કોઈની નહિ.

અમે તારા પ્રત્યે હૃદયના ઊંડાણમાંથી તીવ્ર ભાવે કૃતજ્ઞ રહેવાનું ભૂલીએ નહિ.

તું હરપળે અમને અદ્‌ભુત વસ્તુઓ તારી પ્રસાદીરૂપે આપી રહ્યો છે. એનો અમે કદી દુર્વ્યય ન કરીએ.

અમારામાંની પ્રત્યેક વસ્તુ તારા કાર્યમાં સહકાર આપો. તારા સાક્ષાત્કાર માટે સર્વ કંઈ તૈયાર થાઓ.

સર્વ સાક્ષાત્કારોના હે પરમ ગુરો, તારો જય હો, પ્રભુ !

તારા વિજયમાં અમને શ્રદ્ધા આપ, જીવંત અને જ્વલંત, અનન્ય અને અચલ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : પૃ. ૨૮૦-૨૮૧)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ કેન્દ્ર, ૬૩ યશકમલ સોસાયટી, મુકામે ૨૯ માર્ચ, ૨૦૨૨ ના રોજ ધ્યાન, પ્રાર્થના તેમજ સાવિત્રીશબ્દામૃત-૧૩ પુસ્તકના ભગવદર્પણવિધિના કાર્યક્રમનું આયોજન સાંજે ૬-૧૫થી ૭-૧૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના બાદ સાવિત્રીશબ્દામૃત-૧૩ પુસ્તક શ્રી નૂરભાઈ મુખીએ શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં ચરણકમળોમાં અર્પણ કર્યું હતું. ભગવદર્પણ બાદ શ્રી નુરભાઈએ સાવિત્રી મહાકાવ્યની પ્રશસ્તિ કરતી પંક્તિઓનું વાચન કર્યું હતું. શ્રી કિરીટભાઈ ઠક્કરે પોતાના વકતવ્યમાં ૨૯ માર્ચ, ૧૯૧૪ની શકવર્તી ઘટના, શ્રી અરવિન્દ અને શ્રીમાતાજીના પ્રથમ સ્થૂળ મિલન વિશે ચિંતનાત્મક વિચારો રજૂ કર્યા હતા. વક્તવ્ય બાદ સાવિત્રીશબ્દામૃતશ્રેણીનાં પુસ્તકો વિશે ટૂંકી માહિતીસભર રજૂઆત પણ તેમણે કરી હતી. ભક્તિસભર વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી યોગેશ થાનકીએ કર્યું.

*

**નવું પ્રકાશન :** સાવિત્રીશબ્દામૃત ૧૩, શ્રી શ્રદ્ધાવાન. ભાવાનુવાદ : કિરીટ ઠક્કર. પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ ૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯. મો. : ૯૪૨૭૫૪૦૧૯૫. પૃષ્ઠ સંખ્યા ૪૦૮. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી આવરણ અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૩૦૦/-. શ્રી અરવિન્દ, રચિત મહાકાવ્ય સાવિત્રીના પર્વ ૨, ભુવનોના યાત્રીનું પર્વના - બે લાંબા સર્ગો, ૧૦ અને ૧૧, ‘ક્ષુદ્ર મનનાં રાજ્યો અને દેવતાઓ’તથા ‘વિશાળતર મનનાં રાજ્યો અને દેવતાઓ’ નું અતિ સુંદર ભાષ્ય, મૂળ લખાણ અને એના ગુજરાતી અનુવાદ સહિત આ ગ્રંથમાં સમાવાયેલું છે. જે સંસ્થાઓ ૫ કે તેથી વધુ પ્રતો મંગાવશે એમને યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

શ્રી અરવિન્દ સોસાયટી, જામનગર શાખાના ઉપક્રમે ૪ એપ્રિલ, ૨૦૨૨ના રોજ કેન્દ્ર પર પ્રસ્થાપિત શ્રી અરવિન્દ દિવ્યાંશના વાર્ષિકોત્સવ નિમિત્તે ધ્યાન, પ્રાર્થના, વક્તવ્યોના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે દિવ્યાંશ આસપાસ ધ્યાનના કાર્યક્રમ બાદ કેન્દ્રના ધ્યાનખંડમાં શ્રી કિરીટભાઈ ઠક્કરના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કિરીટભાઈએ ‘ભગવદગીતાનો સંદેશ : શ્રી અરવિન્દ દર્શનના પ્રકાશમાં’ વિષય પર મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. વકતવ્ય બાદ પ્રશ્નોત્તરીનો લાંબો કાર્યક્રમ પણ થયો હતો. સાંજે શ્રી કિરીટભાઈ ઠક્કરે ‘સાવિત્રી મહાકાવ્ય’ વિશે પરિચયાત્મક વક્તવ્ય રજૂ કરતાં મહાકાવ્યના બધા જ સર્ગો વિશે ટૂંકી પણ અર્થસભર માહિતી આપી હતી.

ગીતાનો પરમ બોધ :

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ११ ६२
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।

(અ. ૧૮, શ્લોક ૬૨, ૬૫, ૬૬)

''તારા હૃદયમાં બિરાજેલા પ્રભુને તું સર્વભાવે શરણે જા. તેની કૃપાથી તું પરમ શાંતિ અને શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરશે. સર્વ જ્ઞાનમાં ગુહ્ય એવું આ જ્ઞાન મેં તને આપ્યું છે. હજી એનાથી પણ વધારે ગુહ્ય એવું જ્ઞાન હવે તને આપું છું, તે મારી પરમ વાચા સાંભળ. કારણ કે તું મને ઘણો પ્રિય છે તેથી તારા હિતનું હું તને કહીશ. મારામાં જેનું મન સતત રત છે એવો થા, મારો ભક્ત થા, સર્વ કર્મો યજ્ઞરૂપે મને અર્પણ કર, મને નમસ્કાર કર, નિશ્ચયપૂર્વક હું તને વચન આપું છું કે તું મને જ પ્રાપ્ત કરશે, કારણ કે તું મને પ્રિય છે. બધા ધર્મોનો ત્યાગ કરી દઈને મારે એકલાને શરણે તું આવ, હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ, શોક કર મા.''

ગીતામાં જે તર્કસરણી આપવામાં આવી છે એમાં કર્મનો આરંભ માનવની સામાન્ય ભૂમિકામાંથી થાય છે અને ધીમેધીમે એ કર્મ પ્રભુની દિવ્ય ભૂમિકા સુધી પહોંચે છે. એ ગતિના ત્રણ મહાન તબક્કાઓ રહેલા છે એવું આપણે જોઈ શકીએ છીએ. એ તબક્કાઓ સર કરતાં નિમ્ન ભૂમિકામાં રહેલું બંધન છૂટી જાય છે અને માનવનો આત્મા પોતાનાં કર્મોમાં એક વધારે ઊર્ધ્વ અને દિવ્ય નિયમનું પાલન કરતો મુક્તિમાં આરોહણ કરે છે. પ્રથમ તબક્કામાં કામનાનો ત્યાગ કરીને સંપૂર્ણ સમતાયુક્ત બનીને કર્મોના કર્તા તરીકે માનવ કર્મ કરે છે. આ કર્મો યજ્ઞ રૂપે, એટલે કે યજ્ઞમાં અપાતી આહુતિ રૂપે પ્રભુને અર્પણ કરવાનાં હોય છે.

શ્રી અરવિન્દ

(ગીતાનિબંધો પૃષ્ઠ ૪૩)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૭)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૨૦-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.